

# સનાતન સારથિ ગુજરાતી

નવેમ્બર-૨૦૨૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦.૦૦
છુટક અંક ની કિંમત રૂ. ૧૦.૦૦



# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**

**શ્રી સત્ય સાઈ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. ના સહયોગથી**

મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૧ ■ અંક ૩૩૯/૧૧**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦

લવાજમ મનીઓર્ડરથી મોકલો અથવા પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરાના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલવો અથવા રકમ ખાતામાં ડાયરેક્ટ જમા કરાવો.
ઓન-લાઈન ટ્રાન્સફર માટેની વિગત:
ખાતાનું નામ : **પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા**
HDFC Bank
શાખા : દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા.
ખાતા નં. : 50100368052762
IFSC Code : HDFC0004819
ડાયરેક્ટ જમા કરાવ્યા પછી કાર્યાલયને જાણ કરવી



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
સાઈ આરોહ, એ-૫, કોમરેડસ્ કોલોની, સાઈ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧. ગુજરાત, ભારત

**સંપર્ક માટે :**
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સમય : સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com



**અંકમાં છપાયેલ લેખોમાં રજૂ કરાયેલ વિચારો અને મંતવ્યો એ, જે તે લેખકોના પોતાના છે. તે માટે તંત્રી/પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી.**
**– તંત્રી : સતીશ એમ. બોકીલ**


**સનાતન સારથિ દરમહિનાની ૨૦મી તારીખે રવાના કરાય છે આપને અંક ન મળે તો પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી.**

પ્રેમ, પ્રેમ, પ્રથમ પ્રેમ, જિંદગીભર પ્રેમ કરો. હું મારા માટે કહી શકું કે જે મારી ભક્તિ કરે છે, પૂજા કરે છે તેમના કરતાં જે મારી નિંદા કરે છે, ટીકા કરે છે તેમના પર વધુ આશીર્વાદ વરસાવું છું. જેઓ મારા માટે જુઠાણાનો પ્રચાર કરે છે, તેમને તે પ્રચારમાંથી આનંદ મળે છે, ખુશી પ્રાપ્ત થાય છે તે જાણીને મને આનંદ થાય છે. તમારે પણ આ જ રીત અપનાવવી જોઈએ અને ખૂબ જ રાજી થવું જોઈએ. જ્યારે કોઈ તમારી નિંદા કરે તેની સામે પ્રતિક્રિયા ન આપશો. જો તેમ કરશો તો તિરસ્કારની શૃંખલાથી બંને બંધાશો. જીવન કરુણ બનશે. ધીરજથી ક્રોધ પર અને પ્રેમથી તિરસ્કાર પર વિજય મેળવો. વેરની વસુલાતની ભાવનાથી ક્રોધમાં વધારો ન કરો. તિરસ્કારને આંતરિક પ્રેમથી, દુઃખને આનંદથી, ક્રોધને શાંતિ-આંતરિક શાંતિથી જીતો-જીત, તમારી જ છે.

**– બાબા**

## અનુક્રમણિકા...


| પા.નં. | |
|---|---|
| ૫ | **સત્યના સંગે જીવન જીવો** — અવતાર વાણી |
| ૮ | **ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની દિવ્ય કીર્તિ, જીવન કાર્ય અને ઉપદેશ** — એસ. એસ. નાગાનંદ |
| ૧૫ | **કળિયુગનો ઉદય** — ભાગવત વાહિની - પ્રકરણ ૧૨ |
| ૧૮ | **સ્વામીનો પત્ર** |
| ૨૦ | **આપણું જીવન એજ એમનો સંદેશ** — આર. જે. રત્નાકર |
| ૨૫ | **પોતાની જાતને ઓળખવી – એક આહ્વાન** — નિમિષ પંડ્યા |
| ૨૭ | **મને ગમતી ભેટ / બક્ષીસ** — ભગવાનનો જન્મદિન સંદેશ |
| 30 | **સ્વામીનો પ્રેમ નિઃસીમ છે** — ડૉ. વી. મોહન |
| 33 | **પ્રશાંતિ નિલયમ ખાતે દશેરાની ઉજવણી-અહેવાલ** |



Official Websites:
1 Sri Sathya Sai Sadhna Trust (Publication Division): https://www.srisathyasaipublications.com
2 Sri Sathya Sai Sai Seva Organisations, India: https://www.sssoindia.org
3 Sri Sathya Sai Sai Seva Organisations, Gujarat: https://www.ssssogu.org
4 Sri Sathya Sai Balvikas: https://www.ssbalvikas.in

**તંત્રી સ્થાને થી...**

સનાતન સારથિ પરિવારના સૌ વાચકગણ – સૌને જય સાઈરામ.

નૂતન વર્ષના પ્રારંભે, બેસતા વર્ષના રોજ લીધેલ આપણા સંકલ્પોને સાથે રાખીને અને આપણા જીવનધ્યેયનું સતત સ્મરણ કરતા રહીને, આવો, આપણે સૌ ભગવાન શ્રી સત્ય સાઈએ ચીંધેલા માર્ગે ચાલીએ.

સનાતન સારથિ (ગુજરાતી)ના નવા સંસ્કરણ પછીનો આ ૧૫ મો અંક આપના હાથમાં છે. સનાતન સારથિ (ગુજરાતી) અંક નવા કલેવર સાથે, લોકભોગ્ય ભાષામાં, વાંચકો સુધી, સ્વામીનો સંદેશો પહોંચાડી રહેલ છે. તે માટે આપણા "સનાતન સારથિ" (સ્વામી)ની અસીમ કૃપા છે જ; એ કૃપાના પરિણામ સ્વરૂપજ સનાતન સારથિની સફળ યાત્રામાં જેમનો મહત્ પ્રમાણમાં સહયોગ અને ચૂં કે ચાં કર્યા વગર અવિરત સેવાઓ મળી રહી છે તેમની નોંધ લેવી અસ્થાને નથી.

૧. **શ્રી સત્ય સાઈ ટ્રસ્ટ ગુજરાત વતી પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ**, વડોદરાએ આ કાર્યભાર ઉપાડ્યો છે; તે માટે તેના ટ્રસ્ટીઓ અને **રાજ્ય પ્રમુખ શ્રી હેમંતભાઈ પટેલનું** સુઆયોજન પ્રશંસનીય છે.

૨. અનુવાદકોની ટીમમાં સુરતના ૧) **શ્રી રસિકભાઈ હાંસોટી અને** ૨) **શ્રી ગજેન્દ્રભાઈ દવે**, ગાંધીનગરથી **શ્રી મુકેશભાઈ ભટ્ટ**, વલસાડથી **શ્રી આર.કે.પટેલ**, તેમજ વડોદરાથી ૧) **શ્રી જયંતભાઈ પંડ્યા** અને ૨) **શ્રી રસિકભાઈ પાટડીયાની** ઉત્સાહભરી સેવાઓ મળી રહી છે તે સાચેજ વંદનીય છે.

૩. ટંકન કાર્ય (ટાઈપીંગ) માટે 1) **શ્રી જીતેશભાઈ પરમાર** (વડોદરા) અને 2) **શ્રીમતી રંજનબેન પટેલ** (ગણદેવી-જી.નવસારી) ની આંગળીઓ અત્યંત વેગવાન રીતે કાર્ય કરી રહી છે જે સાચે જ અવર્ણનીય છે.

૪. લેખોને અંકમાં વ્યવસ્થિત ગોઠવવામાં **શ્રી હિરેનભાઈ પંચાલ** (વડોદરા)નું યોગદાન અદ્દભુત છે.

૫. અન્ય સહાયકોમાં, **શ્રી પ્રશાંત લાસુરે**, **શ્રી પ્રજ્ઞેશ શાહ** અને **શ્રી વિકાસ પંચાલ**નો ફાળો ખૂબ સરાહનીય છે.

૬. તેમજ એને આપ સુધી પહોંચાડવા, અંકોને સજાવી-ધજાવીને ટપાલ ખાતા સુધી મૂકી આવવાનું કામ **શ્રી વિશાલ અકોલકર** (વડોદરા) અને એમની સાથેના વીસેક જણાની ટીમની મહેનત પણ કાબિલેદાદ છે.

૭. ટપાલ ખાતાની સેવા વગર તો ઉપરની બધાની મહેનતનો કોઈ જ અર્થ નથી રહેતો અને એ ખાતાની સેવા તો શબ્દાતીત છે.

૮. અને આપ સૌ વાંચકો માટે તો શું કહેવું? આપ વાંચકોનો સહયોગ અને પ્રતિસાદ તો આ માટે ઉત્સાહ પ્રેરક છે.

૯. આ સિવાય જો કોઈનો ઉલ્લેખ અજાણતામાં રહી ગયો હોય તો તેવા સૌનો આભાર અને આદરવંદન.

આપણા "સનાતન સારથિ" (સ્વામી) ના અવતાર કાર્યમાં આપણી આવી સેવા અવિરતપણે ચાલુ રહે તે માટે ભગવાન બાબા આપણને બુદ્ધિ, શક્તિ, ક્ષમતા અને પ્રેમ આપતા રહે એ જ અભ્યર્થના સાથે...

સૌને જય સાઈ રામ

**તંત્રી**

**સનાતન સારથિ (ગુજરાતી)**

### અવતાર વાણી

# સત્યના સંગે જીવન જીવો

## પ્રેમ દ્વારા કશું પણ પ્રાપ્ત કરી શકાય છે

ઉપનિષદ ઉપદેશ આપે છે કે મનુષ્યે ઈશ્વરની સમીપ જવાના યત્નો કરવા જોઈએ. ઉપનિષદ શબ્દમાં ત્રણ અક્ષરોનો સમાવેશ છે: ઉપ+નિ+ષદ અર્થાત્ ઉપ એટલે નજીક, નિ એટલે નીચે અને ષદ એટલે બેસવું. આ પ્રમાણે ઉપનિષદ શબ્દ આપણને "ઈશ્વરની સમીપ બેસો " એવો અર્થ સમજાવે છે.

**પ્રત્યેક વસ્તુનો આધાર-પાયો-ઈશ્વર છે.**

આપણે કવિ બોલીએ છીએ અને એવું વિચારીએ છીએ કે કવિ એક એવી વ્યક્તિ છે જે વિદ્વાન છે અને કવિતાના રચયિતા છે, પણ તેવું નથી. વાસ્તવિક કવિ તો ભગવાન છે જેમને ત્રિકાલ-ભૂત, વર્તમાન અને ભવિષ્યનું જ્ઞાન છે. સત્ય કે જેનું વિભાજન કરી શકાતું નથી તે ખરી કવિતા છે. ભગવાને દરેક વસ્તુને સત્યમાંથી સર્જી છે; અત્યંત શુદ્ધ, નિર્મળ સત્યમાંથી કવિતાનો ઉદ્દભવ થયો છે. સત્ય, જ્ઞાન અને આનંદ એ જ સત્ય છે. ઈશ્વરે શબ્દ બ્રહ્મનું સર્જન કર્યું છે-એટલે એવો નાદ જેમાંથી સર્વે ધ્વનિઓ અને સમગ્ર શબ્દકોશનો જન્મ થયો છે. ઈશ્વર જ ધ્વનિ, પ્રકાશ અને સનાતન આત્મા છે. તેમણે જ 'ઓઉમ' શબ્દનું સર્જન કર્યું છે. શરૂઆતમાં વેદોનું મૂળ અષ્ટ ધ્વનિમાં હતું. આ અષ્ટમાંથી પાંચ અને પછી પાંચ ધ્વનિમાંથી ત્રણ ધ્વનિ 'ઓઉમ' થયા. ગોડ(GOD) શબ્દમાં પણ ત્રણ અક્ષરો છે. ઓઉમ એ જ ભગવાન છે. આપણે ઓઉમનું ઉચ્ચારણ ગળુ(કંઠ), જિહ્વા અને હોઠ વડે કરીએ છીએ. શરીરનાં આ ત્રણ અંગોમાંથી આવતો ધ્વનિ, 'ગોડ' શબ્દ બોલીએ તેમ, એક 'ઓઉમ' ધ્વનિમાં એકરૂપ થઈ જાય છે. તેથી ઈશ્વર પ્રત્યેક વસ્તુનો આધાર-પાયો-છે. તેઓ જ પુરાણો અને અન્ય મહાકાવ્યોના કવિ છે.

**શરીરને કાર્યરત કરે છે દિવ્યશક્તિ.**

શરીરને નખશિખ કાર્યરત કરનારું કોઈ હોય તો તે દિવ્ય-ઊર્જા-શક્તિ-છે. માનવ શરીર પુર(નગરી) છે અને પુરુષ તેમાંનો રહેવાસી છે. કોઈ પૂછે કે ઈશ્વર ક્યાં છે તો આપણો સર્વ સામાન્ય જવાબ એ હોય છે કે તે અમારાં હૃદયમાં-અંતરમાં આત્મા તરીકે નિવાસ કરે છે. પરંતુ, આત્મા કરોડરજ્જુના નવમા અને ૧૨મા મણકાની વચ્ચે રહેલો છે. કરોડરજ્જુમાં સુષુમ્ણા નામની સૂક્ષ્મનાડી છે. શારીરિક હૃદય માત્ર 'સ્વિચબોર્ડ' છે, પણ 'દિવ્યકરન્ટ' કરોડરજ્જુ છે. વરસાદી રાત્રિએ આકાશમાં જેમ વીજળીનો ચમકારો જોઈએ છીએ તેમ સુષુમ્ણા નાડી કરોડરજ્જુમાં એક જબરજસ્ત વીજપ્રવાહ ની જેમ ગતિ કરતી હોય છે. આ દિવ્ય વીજપ્રવાહ શરીરને કાર્યરત રાખે છે.

ભગવાન દિવ્ય ઊર્જાના સ્રોત છે જે, બ્રહ્માંડ અને માનવ શરીરમાં પણ વ્યાપ્ત છે; તે પ્રાચીન, શાશ્વત અને સર્વશક્તિમાન છે. તેથી સદૈવ ભગવાનને યાદ રાખો, કદી ભગવાનને ભુલશો નહીં. આ બોધપાઠ આપણે કર્ણના મૂર્ખાઈભર્યા કૃત્યમાંથી શીખવા જેવો છે. કર્ણ વિદ્વાન હતો અને તેનામાં અનેક સદ્દગુણો હતા. તેમ છતાં, તે અર્જુનથી પરાજિત થયો હતો કારણ કે અર્જુને તેનો મહત્તમ સમય કૃષ્ણ સાથે વિતાવ્યો હતો જ્યારે કર્ણે લુચ્ચા કૌરવોનો સંગ કર્યો હતો. કોઈપણ વ્યક્તિ ભગવાનના સામીપ્યથી જ સફળતા અને સુખની પ્રાપ્તિ કરી શકે છે. જગતનું તમામ સુવર્ણ તે સુખ આપી શકતું નથી. સત્ એ પ્રભુની પ્રકૃતિ છે. જ્યારે ઈશ્વર માટેની ભક્તિ અને ભગવદીય ભાવનાઓ હશે ત્યારે જ દુન્યવી વિચારો નિર્મૂલ થશે. તે જ ખરું જીવન છે. માટે કદી પણ ઈશ્વરના સાંનિધ્યની તક

ગુમાવશો નહીં કેમ કે તે જ તમને મુક્તિ-મોક્ષ-માર્ગે દોરી જશે. આ પાવન ભાવનાને તમારા અંતરમાં સાચવી રાખો. તે તમને શાંતિ અને સુખ પ્રદાન કરશે. તમારામાં માનસિક શાંતિ હશે ત્યારે જ તમે જીવનના પડકારોનો સામનો કરી શકશો.

"જીવન એક પડકાર છે, ઝીલી લો;
જીવન એક ખેલ છે, ખેલી લો;
જીવન એક સ્વપ્ન છે, માણી લો;
જીવન પ્રેમ છે, તેમાં બધાને સહભાગી બનાવો."



**માત્ર ભગવાનની જ આકાંક્ષા રાખો.**

પ્રેમ પ્રભુ છે, પ્રેમમય જીવન જીવો. પ્રેમથી તમે કંઈ પણ પ્રાપ્ત કરી શકો છો, પણ પ્રેમ વિના તમે એક ભિખારી જેવા છો. માટે પ્રેમ વિકસાવો. જેમ પ્રેમની વૃદ્ધિ થતી જશે તેમ તેમ દેહની આસક્તિ ઘટતી જશે. તે પેલી બાલરમત જેવું છે. જેમ એક બાજુ ઊંચે જાય છે તો બીજી બાજુ નીચે આવે છે. જ્યારે તમે પ્રભુ પ્રતિ પ્રયાણ કરો છો ત્યારે તમે સમતોલન પ્રાપ્ત કરો છો. જીવનમાં કદી સમતોલન ગુમાવશો નહીં. તમે બુદ્ધિશાળી ભલે હોય, પણ જો તમે બુદ્ધિનો દુરુપયોગ કરશો તો સંતુલન ખોઈ બેસશો. જો તમે અશુદ્ધ વિચારો અને અનિષ્ટને આશરો આપશો તો કુશળતા (skill) થી વાકેફ હોવા છતાં તમારી બુદ્ધિ તમને મારી (Kill) નાંખશે. એક વખત તમે હા પાડશો, તો બીજી વખતે ના પાડશો. સતત ચંચળતા અને અસંતુલન રહે છે. સંતુલન વિના અને સતત ચંચળતા સાથેનો માનવી મૂર્ખ જેવો છે.

જગતની બધી વસ્તુ પસાર થતા વાદળો જેવી છે. આ સત્યને પિછાણો, તમારી ફરજ બજાવો અને સારી સોબત રાખો. ખરાબ સોબતથી સંગતથી દૂર થશો તો આપોઆપ સારી સોબત મેળવી લેશો અને પછી સત્યનો અનુભવ કરી શકશો. જો તમારામાં બંને સારા અને નરસા વિચારો અને ગુણો હશે ત્યાં સુધી ભગવાનનો અનુભવ કરી શકશો નહીં. જ્યારે તમે નારંગી ખરીદો છો ત્યારે તમે જાણો જ છો કે તેની છાલના પૈસા આપ્યા હોવા છતાં તે તમે ખાઈ શકતા નથી. આ સારાસારનો વિવેક છે. છાલ એ દુર્ગુણોની પ્રતીક છે. માટે જેમ તમે છાલ ફેંકી દો છો તેમ દુર્ગુણોથી દૂર થઈ જાવ. ત્યાર પછી જ તમે આત્માનો મધુર રસ માણી શકશો. ભગવદ્ ગુણોનું રટણ કરો અને તેમના મહિમાના ગુણગાન ગાતા રહો. અંતકાલે ભગવાન સિવાય બીજું કોઈ બચાવશે નહીં. પરંતુ, આજે મનુષ્ય ભગવાનનો વિચાર કરતો જ નથી. તે કારણસર જ તે જન્મ-મરણના ચકરાવામાં ફર્યા કરે છે અને વારંવાર માતાના ગર્ભમાં પડી રહે છે. શું આ જ મનુષ્યનો ઉદ્દેશ્ય છે ? જી, નહીં. જ્યારે તમે માનવ જન્મ ધારણ કરો છો ત્યારે પુનઃ જન્મ ધારણ નહીં કરવો પડે તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ. તે રીતે તમે માનવ જન્મમાંથી મુક્તિ મેળવી શકો છો. જન્મ-મરણના અનંત ચકરાવામાં ફર્યા કરવું એ નરી

અજ્ઞાનતા છે. એક વર્તમાન પત્ર ફરી આવતીકાલે વાંચતા નથી કેમ કે તે નકામું બની ગયું હોય છે. આત્મા એક 'કસોટી-પેપર' જેવો છે. તે કસોટી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરો. તો જ તમે સનાતન-શાશ્વત- બની શકશો. માનવ જન્મનો અર્થ જ આ છે.

જીવનમાં ઉચ્ચ ધ્યેય રાખો. એક ગુનેગારની જેમ કદી પણ અધમ ધ્યેય રાખશો નહીં. જ્યારે તમે ઉચ્ચ વિચારસરણી રાખશો ત્યારે તમને ઉદાત્ત વિચારો પ્રાપ્ત થશે. જ્યારે તમે ગુનેગાર કે ચોરની જેમ હલકટ વિચારસરણી રાખશો ત્યારે તમારી પાસે દુષ્ટ વિચારો હશે. જીવનમાં સદા આશાવાદી રહો, કદી નિરાશાવાદી બનશો નહીં. એક આશાવાદી વ્યક્તિ ટમ્બલરને જોઈને કહેશે કે અડધું ભરેલું છે, તો નિરાશાવાદી કહેશે કે તે અડધું ખાલી છે ! તેથી કદીયે હલકટ અને નકારાત્મક વલણ રાખશો નહીં.

જીવનમાં ફક્ત સત્ય અને ઈશ્વરની ખેવના રાખો. દુન્યવી આકાંક્ષાઓ તમને નીચે ખેંચી લાવશે અને તમારું પતન નોતરશે. ઈશ્વર વિરુદ્ધ બોલનારાની વાત સાંભળવી નહીં, તેવા બધાથી સો ગજ દૂર રહો. ઉત્કૃષ્ટ આત્માઓનો સંગ કરો અને આધ્યાત્મિક ઉન્નતિ મેળવો. પવિત્ર અને ઈશ્વરીય લાગણીઓ ધરાવનારાની સોબત થશે ત્યારે તમે આદર્શ ઊંચાઈ-ઉન્નતિએ પહોંચી શકશો. જ્યાં પણ જાવ ત્યારે અંતરમાં ભગવાનને યાદ કરતાં રહેજો અને ભગવદીય ભાવનાઓથી તમારી ફરજ અદા કરતા રહેજો.

(“ગોવિંદ હરે, ગોપાલ હરે, હે ગોપી ગોપ બાલા” ભજનથી સ્વામીએ પ્રવચનની સમાપ્તિ કરી)

**( તા. ૧૧મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈ શ્રુતિ, કોડાઈકેનાલ ખાતે ભગવાનનું દિવ્ય પ્રવચન )**

# શ્રી શ્યામ સુંદર સ્વરૂપ

સ્વામી કારુણ્યાનંદે, રમણ મહર્ષિ સાથે અરુણાચલમ્ માં કેટલાંક વર્ષો વીતાવ્યા હતાં. થોડાંક વર્ષો તેઓ તિરૂપતિ પાસે ગોગરભમ્ ના સ્વામી મલચાલા સાથે પણ રહ્યા હતા. ૧૯૨૭માં હૃષિકેશના શિવાનંદ સ્વામી પાસે સન્યાસ લીધો ત્યારે એણે જાત જાતનાં આધ્યાત્મિક તપ કર્યા. પછીથી એણે આન્ધ્રપ્રદેશમાં ગોદાવરી નદીના કાંઠે રાજામુંડરીમાં ગૌતમી જીવ કારુણ્ય સંઘમ્ની સ્થાપના કરી. અને ગરીબજનો અને જરૂરિયાદમંદવાળાની ખૂબ સેવા કરી. એની આધ્યાત્મિક સાધનાની અને માનવજાતિની સેવાના ફળ સ્વરૂપ એમના સદ્નસીબે શ્રી સત્ય સાઇની સાન્નિધ્યમાં રહેવાની રૂપે બક્ષીસ મળી.

એક દિવસ સત્ય સાઇ બાબા એક કારુણ્યાનંદને પોતાના ઓરડામાં સૂવા આવવા કહ્યું. પણ એમને રાતમાં ઘોરવાની ખરાબ ટેવ હોવાથી તેઓ બાબાના આમંત્રણનો સ્વીકાર કરવામાં અચકાતા હતા. સ્વામીએ કહ્યું ‘‘એને માટે તમે ચિંતા ન કરો તમે મારા ઓરડામાં સૂવા આવી જજો’’. કારુણ્યાનંદ ત્યારથી કહેતા આવ્યા છે કે ભગવાન શ્રી સત્ય સાઇ કદી સૂતા જ નથી. એ ડાબે પાસે પથારીમાં પડે છે. એમની આંખ હંમેશા અધખૂલી હોય છે. એમની આસપાસ શું બની રહ્યું છે એને માટે એ એકદમ જાગ્રત છે’’. ભગવાને એ રીતે કારુણ્યાનંદને ન ભૂલી શકાય એવો અનુભવ કરાવ્યો હતો. સ્વામી પોતાની પથારીમાં સૂતા હતા. કારુણ્યાનંદે પોતાની પથારી નીચે પાથરી અને ત્યાં સૂતા. થોડીવાર પછી એ જાગી ગયા અને બેઠા થયા. સ્વામીની પથારી તરફ જોયું. આશ્ચર્ય થયું સ્વામીની જગ્યાએ એમણે બાળકૃષ્ણને સ્વામીની પથારીમાં સૂતેલા જોયા. એના શરીરમાંથી શ્યામ રંગની પ્રભા નીકળતી હતી. કારુણ્યાનંદે આ અદ્‌ભૂત દ્રશ્ય સંકોરી લીધું. આ ન માનતાં એણે આંખો ચોળી, અને પાછું ત્યા જોયું. એણે જોયું કે પોતે એકદમ જાગે છે અને બધી ઇન્દ્રિયો ઉપર એનો પૂરતો કાબુ છે. શંકાને ત્યાં સ્થાન જ ન હોતું. બાલકૃષ્ણ જ બાબાના પલંગ પર સૂતા હતા. થોડીક ક્ષણો પછી બાલકૃષ્ણની જગ્યાએ બાબા સૂતા હતા.

કારુણ્યાનંદે પછી કહ્યું હતું મેં જે જોયું એ કલ્પના નહોતી. હું એકદમ જાગ્રત હતો. ચોક્કસ જ એ બાલકૃષ્ણ જ હતા અને બાલકૃષ્ણમાંથી સત્ય સાઇમાં પરિવર્તન થયું એ પણ મેં જોયું શ્રી ભગવાન સત્ય સાઇ જાહેરમાં પોતાનું દૈવી તત્ત્વ બતાવતા નથી. જો આવી લીલા જાહેરમાં થાય તો દૂરથી ઘણા લોકોનાં ટોળાં થાય જેની વ્યવસ્થા કરવાનું ઘણું અઘરું થઇ જાય.

‘તપોવનમ્’ (પાન નં. ૧૪૫-૧૪૭)

# ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની દિવ્ય કીર્તિ, જીવન કાર્ય અને ઉપદેશ

એસ. એસ. નાગાનંદ

મહર્ષિ પતંજલિએ યોગસુત્રમાં જાહેર કરેલ છે કે, "જે કોઈ અહિંસામાં સ્થિર થયેલ છે, તેની ઉપસ્થિતિમાં બધી શત્રુતા (દુશ્મનાવટ) સમાપ્ત થઈ જાય છે." ... **યોગસુત્ર II.૩૫**

**સ્વામી યતિશ્વરાનંદજી મહારાજ પોતાના ગ્રંથ "ધાર્મિક જીવનમાં સાહસો" માં નીચેના શબ્દોમાં આ અંગે સમજૂતિ આપે છેઃ "આધ્યાત્મિક શક્તિના ઘણાં પ્રકારો અને ઘણી કક્ષાઓ છે. શાંત, ઉજ્જવળ, પ્રકાશિત આત્માઓ પોતાના આધ્યાત્મિક સ્પંદનો, વિચારો અને સંવેદનાઓ દ્વારા બીજાઓને સાચી રીતે દોરવણી આપવા માટે માનસિક વિશ્વને સર્જે (ફળિભૂત કરે) છે. પ્રબળ વિભૂતિઓ બીજાના કલ્યાણને પ્રોત્સાહિત કરવા માટે ફરી એકવાર પ્રચંડ રીતે સક્રિય થાય છે. આપણે જાણીએ છીએ, તેઓ પોતાના શક્તિશાળી સ્પંદનો દ્વારા માનવજાતને મુર્તિમંત સ્વરૂપે પ્રભાવિત કરી જાય છે.**

**<u>ભગવાનની દિવ્ય યશગાથા.</u>**

નાનકડા એવા લેખમાં, ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની દિવ્ય યશગાથા 'ગાગરમાં સાગર' સમાવવા જેવું મુશ્કેલ છે. ઘણાં લોકો બાબાને 'ચમત્કારિક માણસ' તરીકે ઓળખાવતા, આમ છતાં, બાબાન્ી કીર્તિ તેમના ચમત્કારોમાં નથી, પરંતુ સમગ્ર માનવજાત માટે તેમણે જે શાશ્વત એવું પોતાનું તત્વજ્ઞાન વિચારવા માટે રજૂ કર્યું તે છે. આ પૃથ્વી પર બાબાએ પંચ્યાસી (૮૫) વર્ષ વિતાવ્યા. પોતાના જીવનનો મોટો ભાગ તેઓ પુટ્ટપર્તિ જેવા નાના ગામમાં રહ્યા, થોડા સમય માટે તેઓ વૃંદાવનના વ્હાઈટ ફિલ્ડ, બેંગલુરુમાં રહેલા. તેમણે જે સંદેશ પોતાની તેલુગુ ભાષામાં પ્રવાહિત કર્યો તે આખી દુનિયામાં પહોંચી ગયો. જેના વડે તેમના ભક્તો (અનુયાયીઓ), તે માર્ગને સમજવા પ્રયત્ન કરી રહ્યાં છે અથવા બાબાની શિક્ષા/ઉપદેશને પોતાની જીવનચર્યામાં અપનાવવા બધા જ પ્રયત્નો કરી રહ્યાં છે. બાબાએ આપેલ સંદેશ ખૂબ સાદો અને સમજવામાં સરળ હતો. પરંતુ સાથે સાથે જીવનમાં તેનું આચરણ કરવું / વ્યવહારમાં ઉતારવું ખૂબ જ કઠિન છે. કર્મના સિદ્ધાંતોની કઠિન/સુક્ષ્મચર્યા અને જીવનમાં સારાપણું ઈશ્વરની મહાનતા અને ધર્મની પાત્રતા, ભગવાન માટે મહત્વના નહોતા. માનવજાતના હૃદયમાં પરિવર્તન લાવવા માટેનો તેમનો પ્રાથમિક હેતુ હતો. તેઓ શરૂઆતના તબક્કે, માનવ વ્યક્તિત્વમાં રહેલ પોતાની દિવ્યતા પર ભાર મૂકવા માટે પોતાના ભક્તોને 'દિવ્યાત્મસ્વરૂપલારા' (દિવ્ય આત્માઓની મૂર્તિ) કહેતા અને પાછળના વર્ષોમાં બાબા પોતાના ભક્તોને 'પ્રેમ સ્વરૂપલારા' (પ્રેમની પ્રતિમાઓ) તરીકે સંબોધતા.

જો કોઈ વ્યક્તિ આ સંકલ્પના ફેરફારનું પૃથ્થકરણ કરે તો ભગવાનનો યશ/કીર્તિ સ્પષ્ટ થઈ જાય. શરૂઆતમાં બાબા પોતાના ભક્તોને દિવ્યતાના તણખા (ચમકારા) રૂપે પ્રભાવિત કરવા માંગતા અને તેઓ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ સાધે, તે માટે દિવ્યતાને ઓળખે અને અનુભવે તેમ ઈચ્છતા. આ સંકલ્પ પર ભાર મૂકવા, સ્વામિ ઘણાં શબ્દસમૂહો વાપરતા જેમકે, 'માનવ સેવા એ જ માધવ સેવા છે' મતલબ કે જન સેવા એજ પ્રભુ સેવા છે. પોતાના ભક્તોને સલાહ આપતા કે, 'બધાને પ્રેમ કરો, બધાની સેવા કરો', આનો અર્થ એ થાય કે આપણાં દૈનિક જીવનમાં બે વ્યક્તિઓ વચ્ચેની આંતર પ્રક્રિયામાં એક વ્યક્તિને બીજી વ્યક્તિથી ભિન્ન ન ગણો. આપણે એકબીજા સાથે વ્યવહાર કરીએ ત્યારે આપણાં વર્તનમાં ભેદભાવ ન હોવો જોઈએ. આ સંદેશો ખૂબ જ અગત્યતા ધરાવે છે, કારણ કે બીજાઓને સહાય કરવામાં અને જરૂરતમંદોની સેવા કરવામાં, આપણે માટે આ

સમજવું મહત્વનું છે, જે આપણને ખરેખર મુક્ત કરે છે અથવા મેળવી આપે છે. સ્વામી ઘણી વખત કહેતા જ્યારે આપણે કોઈ પણ દયા, ઉદ્દાતતા કે ધર્માદાનું કાર્ય કરતા હોઈએ ત્યારે, આપણે તેમને મદદ કરીએ છીએ એ ભાવ કરતા પણ વધારે, તેમના પ્રત્યે કૃતજ્ઞતા (આભાર)ની લાગણીનો ભાવ જાગવો જોઈએ. આ કદાચ વિચિત્ર લાગે પરંતુ સાચી રીતે જોઈએ તો ઓછી અધિકૃત વ્યક્તિ આપણને નમવાની (ઝૂકવાની) અને સેવાની તક પૂરી પાડે છે.

ભગવાનની દિવ્ય યશગાથા તેમના રોજ-બરોજના જીવનમાં પણ અનુભવી શકાય છે. તે ગંભીર, ચુસ્ત, મીતવ્યયી (ઓછા ખર્ચવાળુ) અને સાદુજીવન જીવતા. તેમનું જીવન ખુલ્લી કિતાબ જેવું હતું. તમે પણ અગાઉથી કહી શકો કે પોતાના ભક્તો માટે દિવસના ક્યા સમયે સ્વામી ઉપલબ્ધ હશે. તમે તમારી ઘડિયાળમાં સ્વામી જે દૈનિક ચર્યાને અનુસરતા તે ગોઠવી શકો. સ્વામી ભારતની બહાર મુસાફરી કરતા નહીં, સિવાય કે ૧૯૬૫ માં પૂર્વ આફ્રિકાની તેમની એક મુલાકાત, પરંતુ તેમની ખ્યાતિ તો દુનિયામાં બધી જગ્યાએ ફેલાઈ ગયેલી. તેમણે તેમની માતા ઈશ્વરઅમ્માને વચન આપેલું કે તેઓ પુટ્ટપર્તિ છોડવાના નથી, પરંતુ, દુનિયા આખી પુટ્ટપર્તિમાં તેમના દર્શન માટે ભીડ જમાવશે. સ્વામીએ જ્યારે આ શબ્દો કહ્યા ત્યારે તેમને સમજવા કે સ્વીકારવા મુશ્કેલ લાગતા હતા. તેમની કીર્તિ ધીમે ધીમે પ્રસરતી ગઈ અને જીવનના તમામ ક્ષેત્રોના લોકો સ્વામી પાસે તેમના ચરણારવિંદ આગળ બેસવા માટે આવતા ગયા. તેમના દર્શન માટે, તેમની સાથે વ્યક્તિગત મુલાકાતની આશા સાથે, તેમના આશીર્વાદ મેળવવા અને સ્વામીનું માર્ગદર્શન ઈચ્છતા સંખ્યાબંધ લોકો આવતા. સ્વામીના ઉત્સાહી અનુયાયીઓમાં વિદ્યાર્થીઓ, સરકારી કર્મચારીઓ, અધિકારીઓ, ગૃહસ્થો, શિક્ષકો, આધ્યાત્મિક વ્યક્તિઓ, શાસકો, રાજવીઓ, રાજકારણીઓ અને વિશ્વના દરેક ભાગમાંથી જિજ્ઞાસુઓ સામૂહિક રીતે આવતા. તે, તે સમયે વેંકટગિરી, મૈસુર, જામનગર, સંદુર, નેપાળ, બેલ્જીયમ જેવા બીજા સ્થળોના રાજવીઓ કે શાસકો પણ સ્વામીના અનુયાયીઓ હતાં.

લેખની શરૂઆતમાં કરવામાં આવેલ અવતરણ/વાક્ય, સ્વામીના દિવ્ય યશને યોગ્ય રીતે જ પુરવાર કરે છે. તે અહિંસા, પ્રેમ, સહાનુભૂતિ અને અનુકંપા (દયા) ના પ્રત્યક્ષ સ્વરૂપ જ હતા. તેમનું દિવ્ય વ્યક્તિત્વ, બધાજ સારા ગુણોથી સભર, જે સંપૂર્ણ શાંતિ પથરાવતું અને મનની એવી વિકસિત સ્થિતિ સર્જતું કે ધાર્મિક સભા, ગુણાતીત સમુહમાં જેમાં લાખ કરતાં વધારે ઉત્સાહી ભક્તોના સમુદાય વચ્ચે બેસીને આપણને દર્શન પ્રાપ્ત થશે કે નહીં. જે ભક્તો પ્રશાંતિ નિલયમના સાઈ કુલવંત હૉલમાં અથવા તો વૃંદાવન, વ્હાઈટફીલ્ડના સાઈ રમેશ હૉલમાં, મોટી સંખ્યામાં આવતા અથવા વૃંદાવનમાં ત્રયી વિદ્યાર્થીઓના સેશન્સ દરમ્યાન અથવા તો પ્રશાંતિ નિલયમના મંદિરની વરંડામાં માનવંતા મહેમાનોની વચ્ચે, મુલાકાત માટેના ખંડની ખૂબજ નજીકમાં બેસીને જ્યારે આપણને આશીર્વાદ આપતા અથવા તો ટ્રસ્ટની ઓફિશિયલ મીટીંગ દરમ્યાન સ્વામીની હાજરીમાં અથવા તો સ્વામીના ભોજન ખંડમાં તેમના પવિત્ર ટેબલની સામે બેઠક મેળવતા આપણે શાંતિ અને પ્રેમનો અનુભવ કરતા, મનની ઉચ્ચ સ્થિતિ અનુભવતા. દર્શન દરમ્યાન સ્વામી અનુગ્રહપૂર્વક પોતાના ભક્તોની હરોળ વચ્ચે ચાલતા, જાણે કે અનાયાસે તરી રહ્યાં હોય, તેમની કૃપા કે આશિષની આભા સર્જતા ચુપકીદિ વાળી શાંતિની વચ્ચે, બધાની હથેળીઓ જોડાયેલી હોય, બધાના હૃદય, બધુ ભૂલીને સ્વામીની સાથે એક તાલમાં ધબકવા પ્રયત્નો કરતા હોય. આજુ બાજુના વાતાવરણને વિસ્તૃત કરીને ઉત્સાહપૂર્વક સ્વામીને પ્રાર્થના કરતા હોય કે તેઓ આપણી પાસે થોભે, આપણી સામે નજર નાંખે, સ્મિત આપે, આપણા મસ્તકને હળવો સ્પર્શ કરે અથવા પાદનમસ્કારની છૂટ આપે, આપણો પત્ર કે ચિઠ્ઠી સ્વીકારે અથવા તો આપણા

જીવનમાં કોઈ મહત્વના પ્રસંગ માટે કૃપા વરસાવે અને આખરે, વ્યક્તિગતરીતે નાના અંગત સમુહમાં, જેને ભક્તો 'ઈન્ટરવ્યુ' કહે છે તેનો વિશિષ્ટ અધિકાર આપે. આ અનેક અનુભવ ભક્તોને ઘણીવાર ઉચ્ચ કક્ષાએ દોરી જતો. આ વ્યસન જેવો ઉન્માદ/આવેશ, ભક્તોને વારંવાર સ્વામીના દર્શન માટે ખેંચી લાવતો. બીજો એક અજોડ અનુભવ ઘણા ભક્તોને એવો થતો, કે દરેકને સ્વામી સાથે અંગત જોડાણ લાગતું, તે એવું કે જાણે તેમની જોડે આંખો દ્વારા અથવા તેમની મૌન ઉપસ્થિતિથી બોલી રહ્યાં હોય. ઘણા પ્રસંગે એકાંત/શાંતિમાં ત્રયી વૃન્દાવનમાં ઝુલા/હિંચકા પર સ્વામી બેઠા હોય કે પ્રશાંતિ નિલયમમાં ઈન્ટરવ્યુ રૂમમાં તેમના ચરણારવિંદ આગળ મેં બંધ આંખે એક દિવ્ય જોડાણ અનુભવેલું, તાલબદ્ધ ધબકતા હૃદય સાથે એક પણ શબ્દ ઉચ્ચારાયો ન હોય તો પણ પુષકળ આનંદ અનુભવેલ.

મને એક પ્રખ્યાત શ્લોક યાદ આવે છે જે ગુરુ દક્ષિણામૂર્તિનું વર્ણન કરે છેઃ

''ગુરોસ્તુ મૌનમ વ્યાખ્યાનામ, શિષ્યસ્તુ છિન્ન સંશયા'' અર્થાત... ગુરુનો મૌનવાર્તાલાપ શિષ્યના મનમાં રહેલી તમામ શંકાઓ નષ્ટ કરી દે છે. અને શિષ્યને સ્વામીના દિવ્યાવેશમાં તેમનું સાકાર સ્વરૂપ (ભૌતિક આકારે) મળે છે. તેમના નિરાકાર સ્વરૂપમાં જ્યારે સ્વામી સદેહે હાજર નથી ત્યારે તેમની કીર્તિ તેમના ભક્તોના માધ્યમથી દૂર દૂર ફેલાઈ છે. તેમનો મધુર અવાજ જ્યારે નહોતો સાંભળવા મળતો જે, આજે આપણી પાસેના આધુનિક સાધનો દ્વારા સાંભળી શકીએ છીએ- ત્યારે તે અવાજ તેમના ભક્તોના હૃદય અને મન થકી વિશ્વભરમાં પ્રસરી રહ્યો હતો. પ્રશાંતિ નિલયમ કે વૃન્દાવનની એક મુલાકાત પછી, ભક્તો તેમની મુલાકાતની દરેક ક્ષણને, દરેક શબ્દ જે તેમણે સાંભળ્યો હોય તેને અને મધુર સ્મરણોને પોતાની સાથે ઘરે લઈ જતા. તેઓ તે ક્ષણોને માનસિક રીતે વાગોળતા અને પોતાના કુટુમ્બ, મિત્રો અને સાઈ સેન્ટર કે સમિતિના સભ્યો સાથે માણતા. તેઓ સ્વામીની પ્રતિમાઓ, તસ્વીરો, યાદગાર વસ્તુઓ અને સંદેશા લઈ જતા. અને સ્વામી પોતાની દૈવી ઉપસ્થિતિ દ્વારા જે વાતાવરણ પુરૂ પાડતા, તેનો અનુભવ માનસિકરીતે પુનર્જીવિત કરતા રહેતા.

તેમની મહાસમાધિ પછીના ગાળામાં સ્વામીની ભૌતિક ગેરહાજરી, તેમના ભક્તો માટે સૌથી વધારે મુશ્કેલ અનુભવ હતો. પરંતુ સ્વામી દ્વારા અપાયેલી ખાતરી, "હું પુટ્ટપર્તિમાં જ હોઈશ, તમારામાં હંમેશા હોઈશ, તમારી નજીક, તમારી સાથે, સામે અને તમારી પાછળ, તમારી ઉપર અને તમારી નીચે હોઈશ, દુનિયાભરના ભક્તો દ્વારા અનુભવાય છે. સ્વામીની-સર્વવ્યાપકતાનો અનુભવ ચાલુ છે, જે ભક્તોને બતાવી રહ્યો છે કે, સ્વામીનો વૈશ્વિકઆત્મા હંમેશા ઉપસ્થિત છે અને તેમની સર્વવ્યાપક હાજરી આજે પણ મહાસમાધિ પહેલાના સમયે હતી એ જ રીતે અનુભવાય છે. આ છે સ્વામીની સાચી યશગાથા/કીર્તિ.

**<u>સ્વામીનું દિવ્ય જીવન કાર્ય.</u>**

સ્વામીના જીવન કાર્યમાં સેવાના ત્રણ મુખ્ય કાર્યનો સમાવેશ થયેલો છે. શિક્ષણના ક્ષેત્રે સ્વામીએ શાળાઓ અને કૉલેજો ઊભી કરી અને યુનિવર્સિટી સ્થાપી. તબીબી સંભાળના ક્ષેત્રમાં, સ્વામીએ જનરલ હોસ્પિટલો અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોની સ્થાપના કરી, જ્યાં જરૂરિયાતમંદ દર્દીઓને તબીબી સંભાળ ઉપલબ્ધ કરાવવામાં આવી. સામાજિક-સંભાળના ક્ષેત્રમાં, સ્વામીએ આંધ્રપ્રદેશ રાજ્યના કેટલાક જિલ્લાઓ અને તમિલનાડુ રાજ્યમાં ચેન્નાઈના મહાનગર માટે પણ પાણી પુરવઠાના વિશાળ પ્રોજેક્ટસ્ હાથ ધર્યા. સ્વામી દ્વારા હાથ ધરવામાં આવેલ તમામ પ્રોજેક્ટ સખાવતી (ચેરિટી) હતા. સ્વામીના મતે જે ગરીબોને તબીબી સંભાળની જરૂર હતી, તેમના માટે સૌથી મોટો બોજ સારવાર મેળવવા માટે સગવડતાનો હતો. કમનસીબે, ભારતમાં મોટાભાગના ગરીબ દર્દીઓને, ઉચ્ચ ગુણવત્તાની તબીબી સારવાર પરવડતી નથી. આવા વર્ગના દર્દીઓ માટે, સ્વામીની ઈચ્છા એટલી પ્રબળ હતી કે

તેમણે કહ્યું કે મેડીકલ સંસ્થાઓનો ઉદ્દેશ જ એ હોવો જોઈએ કે આવા જરૂરિયાતવાળા દર્દીઓને સર્વોત્તમ તબીબી સારવાર મફત મળી રહે અને તેમને સુવિધાઓ શોધવાની ચિંતાઓમાંથી મુક્તિ મળે. તેથી તેમણે જાહેરાત કરી દીધી કે સાઈ સંસ્થાઓના બધા જ તબીબી કેન્દ્રોમાં મફત સારવાર (એટલે કે દર્દી પાસેથી કોઈ પણ ચાર્જ લીધા વિના) થશે. સ્વામી દ્વારા સ્થપાયેલી, તેમની મેડિકલ સંસ્થાઓમાં જે નમૂનારૂપ ઉદાહરણ છે તેનું કોઈ વ્યક્તિ પૃથ્થકરણ કરે તો સ્પષ્ટ થશે કે દુનિયાની કોઈ પણ સંસ્થા તેના જેવી ચેરિટેબલ સંસ્થા તરીકે આવતી નથી. વિકસિત વિશ્વમાં, રાજ્ય જ પોતાના નાગરિકોને મફત સારવાર માટેની જવાબદારી લે છે. વિકસિત દેશો જેવા કે યુનાઈટેડ કિંગડમ, યુનાઈટે સ્ટેટ્સ ઓફ અમેરિકા પોતાના નાગરિકોને કેવી રીતે મફત સારવાર પૂરી પાડવી/સંભાળ લેવી તેના વચન માટે ઝઝુમી રહ્યા છે/ સંઘર્ષ કરી રહ્યા છે. ભારતમાં પણ સરકારે ઘણા દવાખાના અને હોસ્પિટલ્સ સ્થાપી હોવા છતાં સરકારી એરણ પર આ સુવિધા નથી, સ્વામીની સંસ્થાઓ પાયાની તબીબી સારવાર આપે છે. તેમજ એડવાન્સ મેડિકલ સુવિધાઓ, બે જનરલ હોસ્પિટલ્સ અને બે સુપર સ્પેશ્યાલીટીસ હોસ્પિટલ્સ દ્વારા પૂરી પાડવામાં આવે છે. સ્વામી હરતા-ફરતા દવાખાનાઓની સગવડતા ગ્રામ્ય જનોના ઘરના આંગણે લઈ ગયેલ છે અને દાકતરો ગામડાઓમાં જઈને તેઓની સારવાર મફત કરે છે.

શિક્ષણના ક્ષેત્રમાં, સ્વામીની બધી સંસ્થાઓ, પહેલા ધોરણથી લઈને દાકતરી સુધીનો અભ્યાસ વિદ્યાર્થીઓને મફત પૂરો પાડે છે. સ્વામી દ્વારા સ્થપાયેલી શૈક્ષણિક સંસ્થાઓ ઉત્તમ નમુનારૂપ કાર્ય કરી રહી છે, અને સમાજના વિશાળ વિભાગોને સારા શિક્ષણની, મહત્વની સેવા અદા કરવાનું ચાલુ રાખેલ છે. સ્વામીની શૈક્ષણિક સંસ્થાઓનું અગત્યનું પાસું માનવ મૂલ્યો છે. સ્વામી પાયાના મુખ્ય પાંચ માનવીય મૂલ્યો – સત્ય, ધર્મ (સદાચરણ), શાંતિ, પ્રેમ અને અહિંસા પર ભાર મૂકે છે. આ માનવીય મૂલ્યો, શાળાથી માંડી યુનિવર્સિટીના અંત સુધી, શિક્ષણ સાથે સાંકળી લેવાવું જોઈએ. સ્વામીએ સમજાવેલ છે કે બિનસાંપ્રદાયિક શિક્ષણની સાથે સાથે નીતિમત્તાનું શિક્ષણ અપાવું જોઈએ. જો વિદ્યાર્થીઓને આ રીતે તાલિમ ન અપાય અને સમાજ તરફ અભિમુખ ન કરાય તેમજ તેમને સ્વાર્થી ધ્યેયોથી દૂર ન લઈ જવાય તો, સમાજ પ્રગતિ કરી શકે નહિ અને દેશને વિકસતો જોવામાં નહીં આવે. તેથી સ્વામી પોતાના યુવા-વિદ્યાર્થીઓને પ્રભાવિત કરવાની એક પણ તક છોડતા નહિ. શિક્ષણ માત્ર જીવન નિર્વાહ માટે નહિ પરંતુ જીવન જીવવા માટે છે. તેમના કહેવાનો અર્થ, માત્ર ઉપાધિ (ડીગ્રી) પ્રાપ્ત કરી લેવાથી, વિદ્યાર્થીને જીવન નિર્વાહમાં (કમાવામાં) મદદ મળી રહે છે પરંતુ શિક્ષણનું તે ધ્યેય નથી.

પરીક્ષામાં ડિસ્ટીંક્શન મેળવવા કરતા ચારિત્ર્ય અને ઉચ્ચ નૈતિક ધોરણ વધારે અગત્યના છે. સારુ શિક્ષણ તે કહેવાય, જે વિદ્યાર્થીઓના હૃદયને ઝંઝોળી નાંખે અને અનુકંપા (દયા), પ્રેમ, શાંતિ, સામાજિક અને માનવીય સેવાઓથી ભરી દે. આને જ સ્વામી શિક્ષા-સંભાળ (એજ્યુકેર) તરીકે ઓળખાવે છે. સ્વામી દ્વારા સ્થપાયેલ સંસ્થાઓ, જે સાંઈઠ (૬૦) કરતા વધારે વર્ષો પહેલા ઊભી કરાયેલ શૈક્ષણિક સંસ્થાઓના પ્રવેશ દ્વારોમાંથી પસાર થયેલા હજારો વિદ્યાર્થીઓ ઉદાહરણીય માનવી તરીકે સમાજમાં અગત્યના સ્થાન/પદ ભોગવી રહ્યાં છે, અને લાખો લોકોને વ્યક્તિગત તેમજ વ્યવસાયિક જીવનમાં, ધર્મના માર્ગે પ્રેરિત કરે છે.

સ્વામી ઘણી વાર ગર્વથી જાહેરમાં કહેતા કે, તેમના વિદ્યાર્થીઓ, તેમની સંપત્તિ છે. તેમના વાર્તાલાપોમાં, વિદ્યાર્થીઓ સાથેના આદાન-પ્રદાનમાં તે હંમેશા ભાર મૂકીને કહેતા કે સ્વામી પોતાના વિદ્યાર્થીઓ પાસે કોઈ અપેક્ષા રાખતા નથી. સિવાય કે વિદ્યાર્થીઓ, સ્વામી જે શીખવી રહ્યાં છે તે ગ્રહણ કરે અને સંસ્થા તેમના માટે જે કાંઈ કરી રહી છે તે આદર્શોને દૃઢિભુત કરી તેઓ જ્યારે

સમાજમાં જાય ત્યારે સમાજને બતાવે કે એક શિક્ષિત વ્યક્તિ, પોતાની જાતે કેવી રીતે વર્તન કરે છે, કેવી રીતે આવી વ્યક્તિ સમાજમાં દરેકને સહાયરૂપ થઈ/કોઈને દુઃખી ન કરતા, વર્તી શકે છે. (હેલ્પ એવર, હર્ટ નેવર).

સ્વામીના મીશનમા એક અગત્યની પાંખ છે 'સેવા સંસ્થા' જે તેમના બોધને અનુસરવા ભક્તોને, એક વ્યવહારુ તક પૂરી પાડે છે. આ માટે સ્વામીએ ઓલ ઈન્ડિયા સેવા ઓર્ગેનાઈઝેશન અને શ્રી સત્ય સાઈ વિશ્વ સંગઠનની સ્થાપના કરી છે. આ સ્વૈચ્છિક સંસ્થાઓ છે. તેમની શિક્ષાને અનુસરવા, જેઓની તેમના દ્વારા પસંદગી થયેલી હોય તેવા આગેવાનોને તેમની પ્રવૃત્તિઓ વિકસાવવા માટે તેમણે માર્ગદર્શન આપેલું. જે સ્વયંસેવકો સંસ્થામાં જોડાયા તેઓ મોટા પ્રમાણમાં સ્વામીના ઉપદેશોનું વ્યવહારિક રીતે, સાચા મનોવલણ સાથે સમાજ સેવા કરવા શક્તિમાન બન્યા અને આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રગતિ કરી શક્યા અને સમાજને તેઓ ઉપયોગી થયા છે. આ બધી સેવાઓ અને પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ ભજવવા સ્ત્રીઓને પ્રોત્સાહન આપવા સાઈ સંસ્થામાં મહિલા વિભાગ સ્થાપવામાં આવેલ છે.

બાળકો પર વિશિષ્ટ ધ્યાન આપવા માટે 'બાલ વિકાસ' તરીકે ઓળખાતા કાર્યક્રમની સ્થાપના કરવામાં આવેલ છે, જેમાં બાળકરૂપી ફૂલને ખીલવવા, નૈતિક જીવનના પાયાના નિયમો કે સિદ્ધાંતો વિશે વાર્તાઓ, ચર્ચાઓ અને જુદા જુદા પ્રોજેક્ટસ કરવામાં આવે છે. વધારામાં નાના બાળકોએ ભારતીય સંસ્કૃતિની મહાનતા જાણવી, શીખવી, બધા ધર્મોને માન આપવું અને માણસમાં ભાતૃભાવ જગાવવો વિગેરે સંસ્કારો અપાય છે. માત્ર આટલું જ નહિ, યુવાન, પુખ્ત, કિશોરો માટે સંસ્થા દ્વારા અગત્યનો ભાગ ભજવવા અસરકારક રાજમાર્ગ પૂરો પાડવામાં આવે છે. આધ્યાત્મિક પ્રગતિના માર્ગને અનુસરવા માટે ખાસ પ્રસંગો કે જેમાં આખી દુનિયાના યુવાનોને આદન-પ્રદાનની પ્રક્રિયામાં આવરી લેતા કાર્યક્રમો છે; જેમાં વિશ્વના વિવિધ પ્રદેશો અને સંસ્કૃતિઓનો સમાવેશ કરેલ છે. આ બધી વસ્તુઓ સ્વામીના જીવનકાર્યને રચે છે.

**<u>સ્વામીનો દિવ્ય સંદેશ.</u>**

સ્વામીએ શું શીખવ્યું? પ્રશ્નનો ઉત્તર આપવો મુશ્કેલ છે. સ્વામી પોતાની માતૃ ભાષા તેલુગુમાં જ વૈચારિક આદાન-પ્રદાન કરતા. આમ છતાં તેમના કેટલાક વાર્તાલાપો કન્નડ ભાષામાં પણ છે. વ્યક્તિગત વાતચીતમાં કોઈ પણ મુશ્કેલી વગર તેઓ ઘણી બધી ભાષાઓમાં વિચાર-વિનિમય કરતા. સ્વામીનો બોધ, તેમના દ્વારા બોલાયેલા શબ્દોથી, તેમના લખાણ, તેમના વાર્તાલાપ અને તેમના આંતરવ્યવહારો અને મુલાકાતોને સમાવે છે. ઓડીઓ-વીડીઓ ક્ષેત્રે પ્રગતિ થવાને કારણે અને ડીજીટલ ટેકનોલોજીને કારણે તેમની શિક્ષા, બોધ, ઉપદેશોનો મોટો ભાગ ઉપલબ્ધ છે અને શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટમાંથી મેળવી શકાય છે. સનાતન સારથિ નામના માસિકમાં સ્વામીનો સંદેશ પ્રસિદ્ધ કરાય છે. કેટલાક વર્ષો સ્વામી લેખક હતા. તેઓ તેલુગુ ભાષામાં મોટા અક્ષરે લખતા. સદ્દભાગ્યે કેટલીક હસ્તપ્રતો સચવાયેલી છે. જો કે સ્વામીએ ભાગ્યે જ ઔપચારિક શિક્ષણ મેળવેલું. ચુસ્ત બિનસાંપ્રદાયિક રીતે કહીએ તો, તે બધા ધર્મોના બધા જ જ્ઞાનનો ભંડાર હતા. તેમણે ઉપનિષદ, વેદ, બ્રહ્મસૂત્ર જેવા જટિલ ધાર્મિક ગ્રંથોમાંના ઉપદેશોને સરળ બનાવ્યા. અને ઈશ્વરની એકરૂપતાના તત્વજ્ઞાનને જેવી રીતે આ પ્રાચીન શ્લોકમાં વર્ણવેલ છે તે પ્રમાણે પ્રસારિત અને પ્રોત્સાહિત કર્યું.

**"આકાશાત પતિતમ્ તોયમ્ યથાગચ્છતિ સાગરમ્**
**સર્વ દેવ નમસ્કારમ્ કેશવમ્ પ્રતિગચ્છતિ"**

અર્થાત જેવી રીતે આકાશમાંથી પડેલું વર્ષાનું જળ સમુદ્રમાં પહોંચે છે તેવી રીતે બધી પ્રાર્થનાઓ એક જ ઈશ્વરને પહોંચે છે.

બધાજ તત્વજ્ઞાન, સંઘર્ષો, વિવાદો, ધાર્મિક માન્યતાઓના આ એક અજોડ અને અનન્ય સંયોગીકરણમાં સ્વામીએ સમજાવ્યું કે ઈશ્વર વિશ્વવ્યાપક (સર્વત્ર) છે. વિભિન્ન ધર્મોમાં ભજવામાં

આવતા / પૂજવામાં આવતા દિવ્ય તત્વો વચ્ચે કોઈ ભેદ નથી. શંકરાચાર્ય દ્વારા વિકસાવાયેલા અદ્વૈત તત્વજ્ઞાનના પ્રવાહનો સ્વામી દ્વારા સ્વીકાર થયેલ, જ્યારે તેઓ ઉપદેશ આપતા કે માત્ર એક જ ઈશ્વર છે, જે સર્વ વ્યાપક છે અને તેની જ દિવ્યતા સમગ્ર વિશ્વમાં વિકસેલી છે અને સર્વ માનવની ભીતર વસેલી છે. સ્વામી આ જ અંતર્વાસીને 'દેહી' તરીકે વર્ણવતા. જેનો અર્થ તે શરીર/દેહમાંવસવાટ કરે છે. તેમણે તે ભેદની સ્પષ્ટ ચોખવટ કરેલ છે કે શરીર પંચભૂતોનું બનેલું છે અને તેમાં રહેલ આત્મા દિવ્ય અને અવિનાશી છે. જો કે આકારમાં દરેક વસ્તુ દિવ્ય હોય છે, તે દેખાવમાં જુદી જુદી લાગે છે તેનું કારણ વિભિન્નતામાં એકત્વ અથવા તો વિવિધતામાં રહેલી એકતાને જોવાની માનવજાતની અશક્તિછે. તેનું કારણ માયા/ભ્રમણા કે જે સતત કાર્યરત છે. સ્વામી સમજાવે છે કે જેવી રીતે ગ્રેનાઈટ પથ્થરના ટુકડા પર, આદરણીય અને સુશોભિત મૂર્તિ બનતા પહેલા હથોડાના ઘણા પ્રહાર કરવા પડે છે, તેવી રીતે માનવીને ભ્રમણા/માયામાંથી છૂટકારો મેળવવા માટે આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાંથી પસાર થવું પડે છે. સ્વામીના મત પ્રમાણે આ વસ્તુ આધ્યાત્મિક સાધનાની પ્રક્રિયા વડે જ શક્ય છે. છ ઘાતક ગુણો જે મનુષ્યની દૃષ્ટિમાંના દેવત્વને ઢાંકી દે છે તે છે કામ (ઈચ્છા), ક્રોધ (ક્રોધ), લોભ (લોભ), મોહ (ભ્રાંતિ), મદ (ગર્વ) અને માત્સર્ય (ઈર્ષ્યા). આ ગુણોને શરૂઆતથીજ દબાવી દેવા જોઈએ અને યોગ્ય સમયે સંપૂર્ણપણે દૂર કરવા જોઈએ. આ હેતુ માટે, સ્વામી ભારપૂર્વક કહે છે કે આપણે ઈચ્છાઓ પર અંકુશ રાખવો જોઈએ. બધામાં દેવત્વનો અનુભવ કરવા માટે, માનવબંધુઓની સેવા કરવા પહોંચી જવું જોઈએ તે અગત્યનું છે.

ખૂબ સારી રીતે દોરવાયેલું આધ્યાત્મિક જીવન, ખરેખર ઉચ્ચ અને નિમ્ન વલણો વચ્ચે યુદ્ધ કરવા જેવું છે. સુખનો ખ્યાલ, ઘણા બધા શબ્દોમાં વર્ણવાયેલ છે. જેમકે, આનંદમય કોશ તરફ દોરી જતા પાંચ આવરણોનો ઉપનિષદિક વિચાર ભગવાન દ્વારા સમજાવવામાં આવ્યો છે. સુખની સાચી સ્થિતિ ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે જ્યારે ઈચ્છા ઉપર વિજય (અંકુશ) થાય. સ્વામીએ આ અત્યંત વિકસિત વિભાવનાઓ સૌથી સરળ ભાષામાં શીખવી છે. સ્વામી દ્વારા લખાયેલ અને અંગ્રેજીમાં અનુવાદિત થયેલ "વાહિનીઓ" મોટી સંખ્યામાં સ્વામીએ આપણી સમક્ષ મૂકેલી છે જેમાં સ્વામીએ માની ન શકાય એવા વિષયોનો સ્મૃતિસંગ્રહ મૂકેલ છે. આ, એક પ્રકારની શિક્ષા/ઉપદેશનું સ્તર છે.

પછીનું સ્તર એ, આધ્યાત્મિક માર્ગનું સરળીકરણ કરવાનું અને સહેલી રીત શોધવાનું છે. સ્વામી ઘણી વાર આદિ શંકરાચાર્યની રચના "મોહ મુદગર" જેને લોકપ્રિય ભાષામાં "ભજગોવિંદમ્ સ્તોત્ર" તરીકે ઓળખવામાં આવે છે તેમાંથી ટાંકતા કે,

**ભજ ગોવિંદમ્, ભજગોવિંદમ્**
**ગોવિંદમ્ ભજ મૂઢ મતે,**
**સંપ્રાપ્તે સન્નિહિતે કાલે**
**ન હિ ન હિ રક્ષતિ ડુકૃન કરણે**

આ શ્લોક ભક્તોને સલાહ આપે છે કે નિષ્ઠાપૂર્વક ગોવિંદને ભજો. કારણ કે માત્ર તે જ તેમનું રક્ષણ કરશે. જ્યારે દુનિયામાં તેમના સમયનો અંત આવશે ત્યારે વ્યાકરણના સિદ્ધાંતોની ગોખણપટ્ટી કામ નહીં આવે, માત્ર ભગવન્નામ જ સાચુ છે.

ખૂબ જાણીતુ ભજન ''માનસ ભજરે ગુરુ ચરણમ્" ની રચના, તેમના અવતારની શરૂઆતમાં જ તેમણે કરેલી, તેમાં તેઓ, જીવનસાગર પાર કરવા ભક્તોને માટે ગુરુ અનિવાર્ય છે તેવું ભારપૂર્વક કહે છે. બાબાએ ઘણા ભજનોની રચનાઓ કરી હતી અને પોતા,ના મધુર કંઠે તેઓ ગાતા, જેમાં જે તે ભજનમાં જે કોઈ દેવી/દેવતાનો ઉલ્લેખ હોય તેના દિવ્ય લક્ષણો/ગુણોનું ભારપૂર્વક વર્ણન રહેતું, ધર્મોની એકરૂપતા પર ભાર મૂકાતો. સ્વામી ઘણીવાર પોતાના ભક્તોને સલાહ આપતા કે ભક્તોએ બીજા ધર્મો કે સંપ્રદાયોની ઘૃણા કર્યા

વગર, અયોગ્ય ઠેરવ્યા વગર, વખોડ્યા વગર, પોતાના જ ધર્મને અનુસરવો જોઈએ, સાઈ સમિતિઓ અને કેન્દ્રો પર, સાપ્તાહિક સત્સંગો દરમ્યાન, સામુહિક ભજનનો મહાવરો ઉચ્ચકક્ષાએ લઈ જતો અનુભવ છે. વહેલી સવારના ભજન ગાવા, નગર સંકીર્તન કરવું, મંદિર અથવા ગામની આજુ બાજુ ફરતા ફરતા ભજનો ગાવા, વાતાવરણના પવિત્રીકરણ કે શુદ્ધિકરણ માટેનો, ભગવાનનો આ અજોડ બોધ છે. સ્વામી વિદ્યાર્થીઓને, દેશભક્તિનો જુસ્સો વિકસાવવા માર્ગદર્શન આપતા અને મા-બાપ પ્રત્યે ઉપકૃતતાની ભાવના તેઓની પ્રાથમિક ફરજ ગણી યાદ રાખવાનું કહેતા. સારી કેળવણી કે સારુ શિક્ષણ મેળવવાનો હેતુ તે તો, પોતાના માનવ બંધુઓની સેવા કરવા માટે છે તેમ તેઓ ઘણીવાર ભારપૂર્વક કહેતા.

સ્વામી ઉદાહરણ કે દૃષ્ટાંતો દ્વારા શીખવતા અને ઘણી વખત કહેતા, મારૂ જીવન જ મારો સંદેશ છે. સ્વામી ઘણી જ સેવાકીય પ્રવૃત્તિઓમાં, વ્યક્તિગત રીતે ભાગ લેતા. ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને તેમના પોતાના હાથથી ખોરાક અને કપડાની વહેંચણી કરતા. તદ્દુપરાંત ઔષધાલયો ઉભા કરતા અને ચલાવતા. સ્વામી, વ્યક્તિગત રીતે હોસ્પિટલમાં દર્દીઓને તેમના દુઃખના સમયે જોવા અને સાંત્વના આપવા, આશ્વાસન અને આશીર્વાદ આપવા પહોંચી જતા.

જીવનના દરેક તબક્કે, સ્વામીએ આપણને, કેવી રીતે માનપૂર્વક, આદરથી બોલવું તે શીખવ્યું. તેઓ પોતાના વર્તન અને રીતભાત દ્વારા ઉદાહરણ પૂરૂ પાડતા. મહેમાનો સાથે કેમ વર્તવું, તે તેમના પોતાના વર્તન દ્વારા શીખવતા. પોતાના ભક્તો કે સંકટમાં સપડાયેલ કોઈ પણ વ્યક્તિ તરફ અનુકંપા કે અનુગ્રહ દર્શાવવામાં, સ્વામી અતુલનીય હતાં. એક વખત સ્વામીએ જ્યારે સાંભળ્યું કે એક યુવાન માતાએ પોતાના બાળકો સાથે આત્મહત્યા કરી લીધી છે ત્યારે તેમણે અનાથાશ્રમની સ્થાપના કરી, અને અંગત રીતે બાળકોની સંભાળ રાખતા. ઘણા વરિષ્ઠ નાગરિકો જે નિરાધાર હતા, તેમની વૃદ્ધાશ્રમમાં સંભાળ લેવામાં આવતી. અને પ્રશાંતિ નિલયમની અંદર તેમના માટે એક વિશિષ્ઠ વ્યવસ્થા ઊભી કરવામાં આવી. આ યાદી અનંત છે.

સૈદ્ધાંતિક રીતે સ્વામીનો બોધ/ઉપદેશ તેમના વાર્તાલાપો અને લખાણોમાંથી એકત્રિત કરવો પડે. વ્યવહારિક રીતે જોઈએ તો સ્વામી પોતે કેવી રીતે નિઃસ્વાર્થરીતે વર્તતા અને તેમની રીત-ભાતોનું નિરીક્ષણ કરી, તેમાંથી શીખવું જોઈએ.

આપણામાં જે લોકો ખૂબ જ નજીકથી, વિશિષ્ટ હક્ક/અધિકૃતતા પૂર્વક સવામીના સાન્નિધ્યમાં આવેલા અને તેમની નજરતળે રહેલા, તેમના માટે સ્વામીએ સ્થાપિત કરેલ ધોરણ સંપૂર્ણપણે પ્રાપ્ત કરવું ખરેખર કઠિન છે. ત્યારે સ્વામીને પ્રાર્થના કરીએ કે તે આપણને આશીર્વાદ આપે કે ઈચ્છા અને સંકલ્પથી તેમની માફક વધારે સારું કરવાના પ્રયત્નો ચાલુ રાખી, પૂર્ણતાએ પહોંચવા સંઘર્ષ કરીએ અને આખરે તેમના ચરણકમળોમાં સ્થાન પામીએ.

**- લેખક, શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે.**

## ભગવાન અને તેમના અવતારો

**ભગવાન નિરાકાર છે એમ કહેવાય છે, એટલે કે તે ધારે તે રૂપ ધારણ કરી શકે. ભગવાનનાં અનંત રૂપ છે, તો પછી ભક્તને તે કયા રૂપમાં સ્પષ્ટ દર્શન આપી શકે ? ભગવાન ભક્ત જે રૂપ માટે ભગવાનની ઝંખના કરે તે રૂપમાં દર્શન આપે છે. જેથી ભક્તને ઉચ્ચતમ સંતોષ થાય. આ બધાંજ અવતારમાં રૂપ છે. ભગવાન જ્યારે કોઇ રૂપમાં દર્શન આપે છે તે રૂપમાં તે મર્યાદિત શકિત ધરાવતા નથી, તે દરેક રૂપમાં પૂર્ણપણે હાજર હોય છે. તે દરેક અવતારમાં પૂર્ણ શક્તિ સાથે આવિષ્કાર કરતા હોય છે.**

**- બાબા**

(સનાતન સારથિ ગુજરાતી - નવેમ્બર ૨૦૦૪)

## ભાગવત વાહિની - પ્રકરણ ૧૨

# કળિયુગનો ઉદય

ભીમે કહ્યું, ધૃતરાષ્ટ્રની સભામાં, જ્યારે દુર્યોધન, દુઃશાસન અને અન્ય લોકોએ શ્રી કૃષ્ણને પૂછ્યું કે તેઓ કૌરવો અને પાંડવોના કૌટુંબિક ઝઘડામાં શા માટે પડે છે અને એક તરફી પક્ષપાત કરે છે – જાણે કે કૌરવો કરતા પાંડવો એમની વધુ નજીકના અને વ્હાલા હોય ! ત્યારે ભગવાને શું જવાબ આપ્યો? એ જવાબને અત્યારે તમે બરાબર યાદ કરી લ્યો. તમારી નજર સામે એ દૃશ્ય ઉભું કરો. સિંહબાળની જેમ આમતેમ ડગ ભરતા વિફરી ઉઠેલા, ભગવાન ગર્જી ઉઠ્યા અને કહ્યું, "શું બોલો છો તમે? શું કૌરવો મને પાંડવો કરતા વધુ વ્હાલા છે એમ? ના, ના, તેઓ ક્યારેય સમાન કક્ષાએ ન આવી શકે. સાંભળી લ્યો હવે, એવું તે શું સગપણ છે કે જે મને પાંડવો સાથે જકડી રાખે છે એ હું તમને જણાવું છું. મારા દેહમાં, યુધિષ્ઠિર મારૂં મસ્તક છે, અર્જુન એ ખભા અને હસ્ત છે. ભીમ ધડ છે, નકુલ અને સહદેવ એ બન્ને પગ છે. આ રીતે તૈયાર થયેલ દેહમાં, કૃષ્ણ એ હૃદય છે. શરીરના અંગો/ઈન્દ્રિયો હૃદયની તાકાતથીજ તો ચાલે છે; તેના વિના તેઓ નિર્જીવ છે.

આપણા માટે આવી ઘોષણાનો શો અર્થ આપણે કરવો જોઈએ? આનો અર્થ એ જ થાય છે કે હૃદયે જ્યારે કામ કરવાનું બંધ કર્યું એટલે આપણે પાંડવો પણ નિર્જીવ (ચેતના વિહીન) થઈ જઇશું. આપણે હવે લય પામી જવાનું છે. કાળસ્વરૂપ ભગવાન હવે આપણો તેમનામાં લય થાય તેમ ઈચ્છે છે. આપણે એમના તેડામણાનો (ઇજનનો) જવાબ આપવા તૈયાર રહેવું જોઈએ.

કળિયુગના આગમનના એંધાણનો આ પુરાવો છે. શ્રી કૃષ્ણએ જ્યારે આ દુનિયામાંથી વિદાય લીધી ત્યારે જ દ્વાપર યુગના કપાટ બંધ થઈ ગયા અને કળિયુગના દરવાજા ખુલી ગયા. નહીં તો, દુષ્ટ તત્વો અને હલકા મન ધરાવનારાઓ શું આ રીતે બેકાબુ ભટકી શકે ખરા? અર્જુન-ઘમાસાણ ચાલી રહેલા યુદ્ધ દરમ્યાન પણ ધનુષ્યમાંથી દિવ્ય અસ્ત્રો છોડતી વખતે, વિધિસરના સૂત્રો કે સિદ્ધાંતો ક્યારેય ભૂલ્યો નથી, તે અર્જુન, સ્ત્રીઓ અને બાળકોના કાફલાપર થયેલ લુંટારૂઓના હુમલાના સૌથી ખરાબ એવા કસોટી કાળમાં જ પોતાના દિવ્યાસ્ત્રોના મંત્રો ભૂલી જાય એવું બને ખરૂ? માટે જ આ ભયંકર આફત એ ચોક્કસપણે કળિયુગના કાળપ્રભાવનું જ પરિણામ હોઈ શકે છે.

નકુલ પણ એ વખતે ચર્ચામાં જોડાયો. તેણે કહ્યું, "બંધુઓ, પૂર્વાકાશમાં પ્રભાતના કિરણો પ્રવેશી રહ્યા છે. ચાલો, આપણે આ બધી ઘટનાની જાણ આપણી પૂજ્ય માતાઓ અને રાણીઓને કરીએ. હવે જરીક પણ વિલંબ કર્યા વિના આપણે હવે પછી શું પગલાં લેવાના છે તે નક્કી કરી લઇએ. શ્વાસ છુટી ગયા પછી પણ દેહનો વિલય તરતજ નથી થઈ જતો, ખરૂં ને? અલબત્ત, શ્રી કૃષ્ણના ગમન બાદ, આપણામાંથી પણ જીવન તો ગયા બરાબર જ છે તો પણ અવયવોમાં થોડીક હુંફ રહેલ છે. આજે કે કાલે આપણે શ્રી કૃષ્ણની સન્નિધિમાં પહોંચવાનું તો છે જ. માટે ચાલો, આપણે દુઃખ કે શોકમાં સમય ન વેડફીએ અને નવી યાત્રાની તૈયારી કરીએ." અનાસક્તિથી ભરેલા આવા વેણને સૌએ વધાવી લીધા અને આ સૂચનને સંમતિ આપી.

આ સમાચારથી દ્રૌપદી, સુભદ્રા અને વૃદ્ધ માંની ઉપર શી અસર થશે એની ચિંતા હતી પણ એવી ચિંતાની દરકાર કર્યા વગર, સીધે સીધા આ સમાચાર સંભળાવી દેવાનું તેઓએ નક્કી કર્યું. કારણ કે જ્યારે પ્રભુ પોતે જ ચાલ્યા ગયા છે ત્યારે કોને શું થશે કે કેવું લાગશે એની વિંતા કોઈએ શા માટે કરવી રહી? ભાઈઓએ નક્કી કર્યું કે

એમનામાંના જ્યેષ્ઠ એવા ધર્મરાજાએ જ માતા સમક્ષ જવું. તેઓએ વિચાર્યું કે એ જ સૌથી યોગ્ય પગલું છે.

ખુશી સમયને જલ્દી ખાઈ જાય છે, પણ દુઃખ નહીં. એટલે કે વ્યક્તિ જ્યારે આનંદમાં હોય છે ત્યારે સમય ઝડપથી પસાર થઈ જાય છે પરંતુ જ્યારે તે દુઃખમાં હોય છે ત્યારે સમય બહુ ધીમો ધીમો ખસતો હોય તેવું લાગે છે. દુઃખ એ ભારે પર્વતમાળા જેવું લાગે છે, પ્રલયના પુર જેવું લાગે છે. જો કે ધર્મરાજાની રાજધાની ઈન્દ્રપ્રસ્થ હતી પરંતુ વડિલોપાર્જિત રાજગાદી તો હજીયે હસ્તિનાપુર જ ગણાતી. મહાભારતના યુદ્ધને કારણે તે સ્થાને બધી ભવ્યતા ગુમાવી દીધી હતી. કારણ કે રાજવંશના સૌ કોઈ અને વડીલ રાજપુરૂષો ચાલ્યા ગયા હતા; આ કારણથી ધર્મરાજા કેટલાક મહિના ઈન્દ્રપ્રસ્થમાં રહેતા અને વર્ષનો બાકીનો સમય તેઓ હસ્તિનાપુરમાં વિતાવતા. અર્જુનને આ વિશે કોઈ જાણ ન હોવાને કારણે તે ઈન્દ્રપ્રસ્થ ગયો પરંતુ ત્યાં ધર્મરાજા ન હતા, આથી તે પોતાની સાથે દ્વારિકાથી લાવેલી મહિલાઓને-કે જેમને તે લુટારાઓથી બચાવીને લાવી શક્યો હતો-ત્યાંજ (ઈન્દ્રપ્રસ્થ) રાખીને તે એકલો જ હસ્તિનાપુર જવા નિકળ્યો. એની સાથે, દ્વારિકાના પુરૂષોમાંથી એકલોજ બચી શકેલો યાદવોનો વંશજ-શ્રીકૃષ્ણનો પૌત્ર-નામે વજ્ર-હતો. બિચારો વજ્ર, કોઈને પણ પોતાનું મોઢુ બતાવવા ઈચ્છતો ન હતો. પોતાની સાથે બધા જ મૃત્યુ પામ્યા હતા અને પોતે એકલો જ બચ્યો હોવાને કારણે તે ખૂબ જ સંકોચ અનુભવતો હતો અને દુઃખી થઈને પોતાની જાતને એક અંધારિયા ઓરડામાં છુપાઈને રહેતો હતો અને મનમાં ધુંધવાયા કરતો અને હતાશામાં એકલો જ જીવન વિતાવતો હતો.

રાજમાતા કુંતીદેવીને એક દાસી મારફત જાણ થઈ કે અર્જુન આવેલ છે. તેઓ, પૂરી રાત જાગતા રહ્યા, ધ્યાન રાખતા રહ્યા-એ આશાએ કે અર્જુન તેમને પોતાને મળવા દોડ્યો આવશે અને દ્વારિકાના કંઈક તો સમાચાર આપશે. રાત્રિના સમયે તેણીએ દિવાઓ પણ પ્રજ્વલિત રાખ્યા હતા. તેણી સૂવા ગયા જ નહીં. અર્જુનના આવવાનો તેણીને એટલો બધો આનંદ હતો કે જ્યારે પણ તેણીને પગરવના એંધાણ થાય કે તેણી તરત જ બોલી ઉઠતા, "અરે મારા પુત્ર! તું આવ્યો ને મને બહુ જ ખુશી થઈ છે ! શું સમાચાર છે?" પણ જ્યારે કોઈ જ જવાબ ન મળ્યો ત્યારે તેણીએ દાસીને પોતાની પાસે બોલાવીને પૂછ્યું, "આનો શું અર્થ છે? તેં જ મને કહ્યું હતુંને કે અર્જુન દ્વારિકાથી આવી ગયો છે? શું નહોતું કહ્યું? તો તે મને હજુ સુધી મળવા કેમ નથી આવ્યો? તારી કંઈક ભૂલ થઈ હશે. તેં કોઈક બીજાને જોયો હશે અને ભૂલથી તેને અર્જુન માની લીધો હશે. એ જો સાચેજ આવ્યો હોત તો તે અહીં તરત જ મને મળવા આવત જ." આવી રીતે કુંતીએઆશા અને નિરાશા વચ્ચે નિંદ્રાહીન રાત્રી પસાર કરી.

સવાર થઈ. દરેકજણ પોતપોતાના કામમાં પરોવાવા લાગ્યા. તે સમય દરમ્યાન, તેણીના મનમાં પ્રશ્નોની વર્ષા થવા લાગી. અર્જુન, પોતા પાસે ન આવવાનું શું કારણ હોઈ શકે? શું તે સાચેજ આવ્યો હશે? શું ભાઈઓ સાથે ચર્ચા-વિચારણા કરવા રાત્રિના થોડા કલાકોનો સમય પણ ઓછો પડ્યો હશે- કે એવા કોઈ તાકીદના પ્રશ્નો ઉકેલવામાં તે રોકાઈ ગયો હશે? કે પછી લાંબી મુસાફરીને કારણે એટલો બધો થાકી ગયો હશે કે રાત્રિને બદલે બીજે દિવસે સવારે વહેલો મળવા આવવાનું વિચાર્યું હશે? કે પછી દ્વારિકામાં એવી કોઈ મુસીબત ઉભી થઈ હશે અને શ્રી કૃષ્ણે તેને તાકીદે ધર્મરાજાને મળીને, સલાહ લઈને તેના નિરાકરણ માટે પ્રતિભાવો પહોંચાડવાના કહ્યા હશે? આવી મુશ્કેલીભરી સ્થિતિમાં શું તે પોતાની માતા પ્રત્યેની ફરજ પણ ભૂલી ગયો હશે? અલબત્ત, જો કે દિવસ ઉગ્યો છે એટલે એ આવશે તો ખરો જ –એવું તેણીએ પોતાની જાતને જ કહ્યું.

આમતો હજુ બધે જ રાત્રિનો અંધકાર છવાયો હતો (દિવસ હજુ ઉગ્યો નહોતો) ત્યાં જ તેણી ઉઠી ગયા. સ્નાન કરીને નવા વસ્ત્રો પહેરીને પોતાના પુત્રને મળવા તૈયાર થઈને બેઠા. તે જ ક્ષણે, તેણીના મનમાં એક બીજી જ શંકા ઉઠી અને તેણીને પજવવા લાગી. દરરોજ તેણીના પુત્રો તેને મળવા અચુક આવતા અને એક પછી એક તેમને પગે લાગતા, આશીર્વાદ મેળવતા અને સૂવા જવાની રજા માગતા. પણ તેણીને નવાઈ લાગી કે તે રાત્રે કેમ એકેય જણ નહી આવ્યું? આ વિચારને લીધે તેની ચિંતા વધુ ઘેરી બની. તેણીએ દ્રૌપદી અને સુભદ્રાના નિવાસે દાસીઓને મોકલી તો જાણવા મળ્યું કે ભાઈઓ પૈકી કોઈએ પણ રાતનું ભાણું લીધું ન હતું. કુંતી તો ઊંડી ચિંતામાં ડુબી ગયા.

તેણીનું મન જ્યારે આમ માનસિક પરિતાપ વેઠી રહ્યું હતું, તે જ વખતે એક વૃદ્ધ બરદાસીએ આવીને તેણીને કહ્યું કે ધર્મરાજા, અર્જુનને સાથે લઈને તેમના કક્ષ તરફ આવી રહ્યા છે. એક તરફ ભયથી વ્યાકુળ થયેલ માતા કુંતાના મનમાં તેઓ શું કહેશે એનો ઉદ્વેગ હતો જ્યારે બીજી તરફ, ખૂબ લાંબા વિયોગ બાદ અર્જુનને મળવાનો આનંદ હતો અને સાથે સાથે યાદવોના સમાચાર સાંભળવાની ઉત્સુક્તા પણ હતી. આમ જુદા જુદા ભાવોના મિશ્રણવાળી એક પ્રકારની અધિરાઈ જન્મી. તેણી આ ચિંતાનો ભાર સહી ન શકવાને કારણે ધ્રુજી રહ્યા હતા.

ધર્મરાજા માતા કુંતીના કક્ષમાં આવ્યા અને પગે પડીને મૌન ધારણ કરી ઉભા રહ્યા. અર્જુન, એમના ચરણોમાંથી ખાસ્સા વખત સુધી ઉઠી જ ન શક્યો. માતા કુંતીએ આશ્વાસનાત્મક સૂરોમાં કહ્યું, "અરે બેટા! આટલા બધા લાંબા સમય સુધી મારા વગર તું કેવી રીતે રહી શક્યો?" માતાએ તેના માથા ઉપર વ્હાલથી હાથ ફેરવ્યો. પરંતુ તેને આશીર્વચનના બે શબ્દો કહેતા પહેલા કે તેના સ્વાસ્થ્યના ખબર અંતર પૂછતા પહેલા એકદમ પૂછ્યું, "અરે અર્જુન ! મેં તો સાંભળ્યુ કે તું ગઈ કાલે રાત્રેજ આવ્યો; શું તે સાચું છે? મને મળવા તું રાત્રેજ કેમ ન આવ્યો? લાંબા સમય સુધી દુર રહેલો પોતાનો પુત્ર જ્યારે પાછો આવ્યો હોય તો તેને મળ્યા વિના મા કઈ રીતે સુઈ શકે? ઠીક છે ચાલો, આખરે દિવસ ઉગતાજ તું આવ્યો ખરો એ સારું થયું અને મને ખૂબ જ આનંદ થયો છે મને હવે સમાચાર સંભળાવ. તારા સ્વસુરજી, સ્વશ્રૃજી, પિતામહ તો બરાબર વ્યવસ્થિત (સારા) છે ને? મારા ભાઈ, વાસુદેવ, તો હવે ખૂબ વૃદ્ધ થઈ ગયા હશે; તે કેમ છે? શું તે હરીફરી શકે છે? કે શું તે મારી જેમ પથારીવશ છે? એમની પણ શું મારી જેમ સુશ્રુષા થાય છે કે પછી પરાવલંબી બની ગયા છે? અર્જુનના હાથ તેમણે પોતાના હાથમાં ઝાલી રાખ્યા હતા અને તેમની નજર અર્જુનના મુખ પર મંડાયેલી હતી. અચાનક જ તેમણે પૂછ્યું, "આ હું શું જોઈ રહી છું મારા પુત્ર ? તું આટલો બધો ઝાંખો કેમ પડી ગયો છું? તારી આંખો સુઝીને લાલઘૂમ કેમ થઈ ગઈ છે ?

"હું સમજું છું ! દ્વારિકા ખૂબ જ દૂર અંતરે છે અને લાંબી મુસાફરીનો તને થાક લાગ્યો પણ હોય. ધૂળની ડમરીઓ અને પ્રખર તાપને કારણે તને અસર થઈ હોય ! પ્રવાસ માર્ગનો થાક તારા મુખ ઉપર દેખાઈ આવે છે. ચાલ જવા દે એ વાતને. મને એ કહે કે મારા શ્યામસુંદરે, મારા કૃષ્ણએ મને શું કહેવડાવ્યું છે? એ અહીં ક્યારે પધારવાના છે? કે પછી મને મળવાની એને કોઈ ઈચ્છા જ નથી? હા, ભાઈ, એ તો વાસુદેવ છે. એઓ તો જ્યાં પણ હોય, ત્યાંથીયે બધું જોઈ શકે છે. હું એમને ફરી ક્યારે નજરે જોઈ શકીશ? તેઓ આવતા સુધી, આ પરિપક્વ થયેલું ફળ વૃક્ષ ઉપર ટકશે ખરું?

તેણીએ આવી રીતે કેટલાયે પ્રશ્નો પૂછી નાખ્યા અને પોતે જાતેજ તેના જવાબો પણ આપ્યા. અર્જુન કે ધર્મરાજાને જે કહેવું હતું તે કહેવાની કોઈ તક જ ન આપી. હવે અર્જુનની આંખોમાંથી અવિરતપણે અશ્રુધારા વહેવા લાગી. કુંતીએ આ વિચિત્ર

પરિસ્થિતિ જોઈ. તેણીએ અર્જુનને પોતાની પાસે ખેંચ્યો અને એનું માથુ પોતાના ખભે ટેકવ્યું. "મારા પુત્ર !, અર્જુન ! શું થયું છે? મને કહે તો ખરો. મેં ક્યારેય તારી આંખોમાં આંસુ આવેલા જોયા નથી. શું ગોપાલને તારામાં કોઈ વાંક દેખાયો અને એટલે તને દૂર કર્યો છે? શું તને એમની પોતાની સાથે રાખવા યોગ્ય ન ગણ્યો? શું આવી રીતની કોઈ ભયંકર મુસીબત તારી ઉપર આવી પડી છે? તેણી પોતે જ દુઃખથી ઉભરાઈ હોવા છતાં તેણી પુત્રને આશ્વાસન આપવાનો પ્રયત્ન કરી રહી હતી.

ત્યારેજ, ધર્મરાજાએ પોતાના બન્ને હાથો વડે પોતાનું મુખ ઢાંકી લીધુંઅને ડૂસકાંભરતાબોલ્યા, "માતુશ્રી ! તમે હજુય વાસુદેવ અંગેની વાતો કરી રહ્યા છો પરંતુ દશ દિવસ થયા તેઓ આપણને છોડી ગયા છે. તેઓ સ્વધામ ગયા છે અને બધા યાદવો મૃત્યુ પામ્યા છે." હજી ધર્મરાજા આવું બોલીરહ્યા હતા ત્યાં તો માતા કુંતીએ પોતાની આંખોપહોળી કરીને પૂછ્યું, "શું? મારા ગોપાલ....... મારા નંદનંદન...... મારા અંતરમનનો ખજાનો, હૈયાનો હાર.... શું થયું? મારી પૃથ્વી હવે અનાથ કરીને તેઓ ચાલ્યા ગયા? હે કૃષ્ણ..... હે કૃષ્ણ..... અને જાણે કે કૃષ્ણને મેળવવા જતા હોય તેમ તેઓ દેહત્યાગ કરી ચાલ્યા ગયા.





# ભગવાન શ્રી સત્ય સાઈબાબા

કેમ્પ 'બ્રિન્દાવન', વ્હાઇટફિલ્ડ સ્ટેશનની પાસે, બેંગલોર.
પ્રશાંતિ નિલયમ, ફોન નં. ૩૦ પેનુકોન્ડા.અનંતપુર જિલ્લો.

તા. ૨૪-૩-૭૧.

મારા વહાલા હિસ્લોપ !

તારો પ્રેમાળ પત્ર ગઈ કાલે મળ્યો છે, મને ઘણો આનંદ થયો છે. હવે તારી તબિયત કેવી છે ? ચિંતા કરીશ મા. તારા પ્યારા ભગવાન સદૈવ તારી સાથે, તારી ભીતર, તારી ચારેબાજુ વિદ્યમાન છે.

હિસ્લોપ ! કેટલાક દિવસોથી તારા ભાભીજી અહીંયાં મારી સાથે બ્રિન્દાવનમાં છે. તે મજામાં છે અને નિત્ય ભજન તથા ધ્યાન કરી રહ્યાં છે.

મારા પ્રિય હિસ્લોપ ! તમામે તમામ જ આપણાં સહ-પ્રવાસી-મુસાફરો છે- તમામ જીવ-જંતુઓ, પ્રાણીઓ ફક્ત મારા ભક્તો જ નહીં, પરંતુ જડ અને પશુ જગતના બાંધવો, વનસ્પતિ જગતના બાંધવો, આપણાં માત્ર સારા જ નહીં પણ ખરાબ બાંધવો, આપણાં આધ્યાત્મિક બંધુ તથા અધમબંધુ - તે સર્વે, એક જ લક્ષ્ય પ્રતિ પ્રયાણ કરી રહ્યા છે. તે બધાં એક જ પ્રવાહમાં છે, પ્રત્યેક વ્યક્તિ તે અનંત વિમુક્તિ ભણી આગળ વધી રહી છે.

હિસ્લોપ ! સાક્ષાત્કારની પળો તો એ છે જ્યારે લૌકિક સંબંધો, દુન્યવી જોડાણો, દુન્યવી જૂઠાણાંઓ, ભૌતિક મિલકત, લૌકિક આકાંક્ષાઓ, દુન્યવી જરૂરિયાતો અંગેના વિચારો, ભગવાનમાં, સત્યમાં દ્રવીભૂત થઈ જાય.

મારા વહાલા ! સમગ્ર જગતમાં રહેલી એકેએક વ્યક્તિમાં ઈંદ્રિયોથી પર થવાની શક્તિ વિદ્યમાન છે. એક નાનો અમસ્તો કીડો પણ એક દિવસ ઈંદ્રિયોથી ઉપરવટ જઈને પ્રભુ પાસે પહોંચી જશે. કોઈ જીવન નિષ્ફળ જશે નહીં. સૃષ્ટિમાં નિષ્ફળતા જેવી કોઈ ચીજ છે જ નહીં. માનવી એકસો વખત પોતાની જાતને નુકસાન પહોંચાડશે, હજાર વખત ગોથાં ખાશે, પણ આખરે, તે પોતે ભગવાન છે તે સમજી જશે.

મારા વત્સ ! તું અને હું બંને એક જ વહેણ-પ્રવાહના નિર્ગમન દ્વારો છીએ અને તે જ ભગવાન છે. આમ તો તારી પ્રકૃતિ ભગવાન છે અને મારી પ્રકૃતિ પણ તેવી જ છે. તું તારા જન્માધિકારથી ભગવાનની પ્રકૃતિનો છે. વિશુદ્ધ હૃદય, સત્યના પ્રતિબિંબ માટે શ્રેષ્ઠ દર્પણ છે. તેથી, આ બધી બાબતો હૃદયના શુદ્ધીકરણ માટે છે, અને જેવું તે વિશુદ્ધ થઈ જાય છે કે એક મિનિટમાં જ તેની ઉપર સત્યના ચમકારા થવા માંડે છે. જો તમે પર્યાપ્ત પ્રમાણમાં વિશુદ્ધ હશો તો આ બ્રહ્માંડના તમામ સત્ય તમારાં હૃદયમાં પ્રગટ થશે.

હિસ્લોપ ! જેટલા સંજોગો કઠિન, તેટલા જ સ્થિતિ સંજોગોમાંથી ઉગરવાના પ્રયત્નો વધુ. આવા સંજોગોમાંથી પાર નીકળી આવનારા લોકો વધુ મજબૂત હોય છે. માટે, બાહ્ય તકલીફો અને ચિંતાઓને આવકારો.

જ્યારે પરપોટો ફૂટે છે ત્યારે તે સ્વયં સમુદ્રને પામે છે. તમે સર્વસ્વ, અસીમ છો. આ જગતરૂપી દૂધને દીર્ઘકાલ વલોવવામાં આવે તો નવનીત બહાર આવશે, આ નવનીત એ નટવર (ભગવાન) છે. વિશુદ્ધ હૃદયી માનવી, નવનીત પ્રાપ્ત કરે છે અને છાશ રહે છે બુદ્ધિજીવી માટે !

મારા વહાલા ! તારી અર્ધાંગિની, સાઈબંધુઓ અને ભગિનીઓને મારી કૃપા અને આશીર્વાદ પાઠવજે.

**પ્રેમ સહ,**

**બાબા**

# આપણું જીવન એજ એમનો સંદેશ

આર. જે. રત્નાકર

૨૦૨૧નું વર્ષ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના આગમનનું ૯૬મું વર્ષ છે. તેમના સંદેશ માટે આ મહત્વપૂર્ણ વર્ષ હશે. વિશ્વભરના ભક્તો દ્વારા તેમના પ્રેમ અને સેવાના સંદેશને યાદ કરવામાં આવે છે. માનવ જગતના ઇતિહાસની આ નોંધપાત્ર ઘટના પસાર પણ થઈ જશે, પરંતુ તે ઘણા લોકોની સ્મૃતિમાં અંકિત થઈ જશે. આપણા જીવનને એમનો સંદેશો બનાવવા માટે, આપણે જરા થોભીને નીચેના પ્રશ્નો ઉપર મનન કરવાની પણ જરૂરિયાત છે:

**ભગવાન પાસેથી આપણે શું શીખ્યા ?**

શું આપણે ભગવાનના ઉપદેશને આત્મસાત કર્યો છે ?શું આપણે ભગવાન પાસેથી જે શીખ્યા છીએ તેનું પાલન કરીએ છીએ ખરા ?

કે પછી આપણે માત્ર તેનું પ્રતિપાદન (ઉપદેશ) જ કર્યા કરીએ છીએ ?

ભગવાને આપણને પ્રેમ અને સેવાનો જે સંદેશ આપ્યો છે, તેના માર્ગે આપણે કેટલું ચાલ્યા છીએ ?

શું આપણે ઉપરોક્ત પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવાની સ્થિતિમાં છીએ ? આપણે આપણી જાતનું આત્મપરિક્ષણ કરવું જોઈએ અને આપણાં અંતરાત્મા માટે સાચા રહેવું જોઈએ. ભગવાને આ પૃથ્વી ઉપર ઘણીવાર જન્મ લીધો છે. ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ જાહેર કરે છે કે:

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥**

(અરે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મનો હ્રાસ (ક્ષય/નાશ) થશે અને અધર્મમાં વધારો થશે, ત્યારે હું પૃથ્વી પર અવતાર ધારણ કરીશ.)

**<u>માનવીના ઉદ્ધાર માટે સેવાનો માર્ગ.</u>**

માનવ જાતિને ઉર્ધ્વગતિ આપવા (ઉદ્ધાર કરવા) માટે ઈશ્વર સમય સમય પર આપણી વચ્ચે અવતાર ધારણ કરે છે, તેમ છતાં, જ્યારે આપણે આપણાંથી થતું હોય તેટલું જે કાંઈ કરીએ છીએ, ત્યારે આપણે એ દુર્લભ તકનો લાભ લઈ શકીએ છીએ. સૂર્ય તેજસ્વી રીતે પ્રકાશતો હોઈ શકે છે, પરંતુ જો અરીસો ગંદકીથી છવાયેલો હશે, તો તે સૂર્યપ્રભાને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરી શકતો નથી. ધોધમાર વરસાદ ભલે પડી રહ્યો હોય, પરંતુ જો આપણું વાસણ ઊંધું મૂક્યું હશે, તો આપણે પાણીનું એક ટીપુંય ભેગું ન કરી શકીએ. આપણે આપણાં સાંસારિક કાર્યોમાં જ વ્યસ્ત રહીએ, તો પછી ભગવાન પાસે આપણે એવી અપેક્ષા ન રાખી શકીએ કે તેઓ આપણાં માટે બધું જ કરશે. આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટે આપણાં પોતાના પ્રયત્નો કરવાની અવશ્ય જરૂરિયાત છે. કહેવત છે કે: “જ્યારે સૂર્ય પ્રકાશે છે ત્યારે જરૂરી કામ કરી લો.” એમની દૈવી હાજરીમાં આપણી મુક્તિની શ્રેષ્ઠ તક હોય છે. કોઈપણ વ્યક્તિ એટલી બધી વ્યસ્ત નથી, તે તો માત્ર પ્રાથમિકતાઓની બાબત છે, જેના ઉપર વિચાર કરવાની જરૂરિયાત છે !

આધ્યાત્મિકતા એ વ્યક્તિની પોતાની યાત્રા છે, જે દરેક વ્યક્તિએ પોતાના પ્રયત્નોથી કરવાની હોય છે. આધ્યાત્મિક લાગણીઓ અને આધ્યાત્મિક મૂલ્યો એ વ્યક્તિના હૃદયમાં ઉદ્દભવે છે અને એ તેના પોતાના પ્રયત્નોને આધારે રહે છે. બીજો કોઈ રસ્તો નથી કે જે આ પૂર્ણ કરે, કે જે વ્યક્તિના પોતાના શ્વાસ પર આધારિત છે ! આ પૃથ્વી ગ્રહ ઉપર, દરેકનો દૈવી રસ્તો અજોડ છે. એવું લાગે છે કે આપણાં રસ્તાઓ એક-બીજા સાથે જોડાયેલા છે અને એક-બીજા ઉપર આધારિત છે. છતાં પણ, સ્વ-પ્રયત્નોથી જ દરેક વ્યક્તિ પોતાના ધ્યેય સુધી પહોંચી શકે છે. પરંતુ જરૂરિયાતના સમયે જ્યારે આપણે આપણો મદદનો હાથ લંબાવીએ છીએ, ત્યારે આપણી “એમના” તરફની મુસાફરી અર્થસભર બને છે. “આ દુનિયામાં કોઈપણ વ્યક્તિ

એટલી પ્રિય નથી કે જે બીજાના બોજને હળવો કરી શકે ! "તેથી ભગવાને સેવાનો માર્ગ રજૂ કર્યો છે, કે જેથી આપણે આપણો ઉદ્ધાર કરી શકીએ. હકીકતમાં જ્યારે આપણે બીજાને મદદ કરીએ છીએ, ત્યારે આપણે જ પ્રથમ લાભકર્તા બનીએ છીએ. જે વ્યક્તિ બીજાની સેવા કરે છે, તેને સેવા મેળવનારા કરતાં વધુ મોટું ફળ મળે છે. બીજી વ્યક્તિમાં કોઈકને શોધવાનો રસ્તો, એટલે બીજી વ્યક્તિમાં પોતાની જાતને ખોઈ દેવાની ! આજના દરરોજના જીવનમાં દોડાદોડી અને ધમાચકડી વચ્ચે આપણી પાસે " સાધના કે જે પવિત્ર અભ્યાસ છે " તેને માટે સમય જ ક્યાં છે ? આ કળિયુગમાં આપણે સંપૂર્ણ રીતે મુશ્કેલીઓ અને સમસ્યાઓમાં વ્યસ્ત હોવાના કારણે, ભગવાને આપણને સાદી ભાષામાં, મહામંત્રના રૂપમાં વેદો આપ્યા છે. "સૌને પ્રેમ કરો, સૌની સેવા કરો." ઉદાહરણ તરીકે ભગવાને પ્રેમ અને સેવાનો માર્ગ આપ્યો છે. એ સમગ્ર માનવજાતના ઉદ્ધાર માટેનો માર્ગ છે. એને માટે એમણે શ્રી સત્ય સાઈ સેવા સંગઠનની સ્થાપના કરી છે કે જેથી સેવાના પવિત્ર માર્ગને આપણે અનુસરી શકીએ. આ રીતે એમણે આપણાં જીવનને આધ્યાત્મિક સુગંધથી ભરી દીધું છે. ખરેખર, તે પ્રેમ અવતાર છે.

**<u>દૈવીકૃપા અને દિવ્ય નામ જ,</u>**
**<u>માનવ જાતને બચાવી શકે છે.</u>**

મહામારી (રોગચાળો) ફાટી નીકળ્યા બાદ માનવજાત ખૂબ જ ખરાબ રીતે પીડાઈ રહી છે. એક રીતે, આ સ્થિતિ માનવજાતના અવિચારી કૃત્યોનું પરિણામ છે કે જેણે પ્રકૃતિમાં મોટાપાયે અસમતુલા સર્જી છે. કોઈએ કદી પણ કલ્પના ન કરી હોય કે મંદિરો, શાળાઓ અને કોલેજોને બળજબરીપૂર્વક લાંબા સમય સુધી બંધ કરી દેવામાં આવશે. ત્યારે આપણાં બધા ઉપર ભય અને ચિંતા ત્રાટકયા હતાં. આ, માનવીના અસ્તિત્વ માટે એક ગંભીર ધમકી હતી. ભવિષ્ય પણ અત્યંત ધૂંધળું ભાસતું હતું. જો કે આટલા દિવસમાં કુદરતને માણસના આક્રમણથી થોડી રાહત મળી હોય એવું લાગે છે. હવે કુદરત વધારે ચમક સાથે ચમકતી દેખાય છે. અસંખ્ય વિમાનોના ઉડ્ડયનમાં ઘટાડો થવાથી આકાશ શાંત અને સ્વચ્છ છે. પર્યાવરણીય પ્રદુષણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે જેથી દૂર-સુદૂર સુધીની ટેકરીઓ સ્પષ્ટ દેખાય છે. પાણી ચોખ્ખું થયું છે અને ચારે બાજુ હરીયાળી દેખાય છે. બધાં જ પ્રાણીઓ, જેમાં પક્ષીઓ અને પ્રાણીઓનો સમાવેશ થાય છે, તેઓ મુક્ત રીતે હરીફરી રહ્યાં છે, સિવાય કે મનુષ્ય, કે જેની સ્વતંત્રતા નિયંત્રિત થઈ છે. માણસ આજે મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે, જેમ કે નાક અને મોં ઢંકાય એ રીતે માસ્ક પહેરવું. અગાઉના સમયમાં જાહેર સ્થળોએ મોં ઢાંકવું એ જરા વિચિત્ર અને શરમજનક ગણાતું હતું. પરંતુ આજે હવે એ કાયદો બની ગયો છે કે કામના સ્થળે પણ કોઈ વ્યક્તિ માસ્ક વિનાની નજરે પડે તો તેને તરત જ ચેતવવામાં આવે છે. આ કઠિન સમયે આપણને એક સમજ આપી છે કે માણસનો લોભ અને ખરાબ ટેવોએ અકથ્ય દુઃખો ઉત્પન્ન કર્યા છે અને માનવજાત ઉપર મોટી આફત ઉતારી છે.

એવા લોકો, કે જેઓ ધંધાકીય બાબતોમાં અતિ વ્યસ્ત હતા, જેમને અન્ય કોઈ સમય પણ મળતો નહોતો. તેઓ પણ તેમના ઘરની બહાર ડગલું પણ ભરી શક્યા નહોતા. ચોક્કસપણે, આ આપણી ધીરજની કસોટીનો અને સાથે સાથે સૌહાર્દની ભાવના કેળવવાનો સમય હોય છે. આપણાં કુટુંબના સભ્યો માટે પણ મોટો પડકાર હતો કે આ સ્થિતિમાં એક-બીજાની સાથે તાલ-મેળ કેવી રીતે કેળવવો. મહામારીએ આપણને શીખવ્યું છે કે આપણું જીવન, સાથી મિત્રો સાથે પણ સુમેળભર્યા વિચારો સાથે જીવવાનું છે, બીજા બધા મતભેદો અને વિવિધતાઓને બાજુએ રાખવાના છે. મહામારીએ આપણને એ પણ શીખવ્યું છે કે જ્યારે આપણાં જીવનમાં ભગવાન હોય ત્યારે જ આપણે બચી શકીએ છીએ અને ટકી શકીએ છીએ. જ્યાં સુધી આપણાં ઉપર દૈવી કૃપા અને આશીર્વાદ ન

હોય ત્યાં સુધી આપણે આ ગ્રહ ઉપર આપણું જીવન ચાલુ રાખી શકતા નથી. આ આત્યંતિક શાણપણ માનવજાતિમાં ઉતરી આવ્યું છે. મહામારીમાં ઘણા લોકોએ તેમના નજીકના લોકોને ખોયા છે. કેટલાકે તેમના જીવન નિર્વાહના સાધનો ગુમાવ્યા છે અને બીજાઓ ગંભીર નાણાકીય કટોકટીનો સામનો આ રોગચાળાને કારણે કરી રહ્યા છે. ફક્ત ભગવાન જ આ મુશ્કેલીઓના મહાસાગરમાંથી આપણને બહાર કાઢી શકે છે, આ કટોકટીના સમયમાં દૈવી કૃપા અને દૈવી નામ જ આપણાં છુટકારા માટે આવી શકે છે, તેથી લોકોએ તેમની પ્રાર્થનાઓ વધારી છે. સાઈ કુટુંબના સભ્યો, દુનિયાના ઘણાં ભાગોમાં સમર્પણ અને ભક્તિભાવ પૂર્વક તેમની સેવા ચાલુ રાખી રહ્યા છે. ભક્તોને ભગવાન જ આ પરિસ્થિતિમાંથી ઉગારવા માટે શક્તિ, વિશ્વાસ અને આત્મવિશ્વાસ આપે છે.

**<u>સાઈ માર્ગ અમારું એકમાત્ર શરણ છે.</u>**

અમે ભગવાનને ગીતો ગાતા અને ભક્તોને ઉપદેશ આપતા સાંભળ્યા છે.:

કલસી મેલસી તિરુગુ દામ, કલસિ મેલસિ પરુગુ દામ
કલસી મેલસી તલુસુ કુન્ના, તેલિવીની પોશિન્ચુ દામ
કલસી મેલસી કલતલેકા, ચેલીમિતો જીવીંચુ દામ
ચાલો આપણે સાથે આગળ વધીએ
ચાલો આપણે સાથે વૃદ્ધિ પામીએ.

સાથે મળીને આપણે જે જ્ઞાન મેળવ્યું છે તેમાં વૃદ્ધિ કરીએ.

ચાલો આપણે સાથે મળીને સુમેળતાથી રહીએ."

આપણાં પ્રિય ભગવાનના આ સંદેશને આપણે ફક્ત શબ્દો પૂરતા મર્યાદિત ન રાખીએ. ચાલો આપણે એનું કાર્ય રૂપી ભાષાંતર કરી ઉપયોગમાં લઈએ અને દરેક તક જે આપણને પૂરી પાડવામાં આવી છે તેનો લાભ લઈએ !

સત્ય સેવા સંસ્થા તેમની આત્મીય સેવા સમગ્ર વિશ્વમાં ફેલાવી રહી છે. ઘણાં ભક્તો અને ખાસ કરીને યુવાનો આધ્યાત્મિકતા તરફ શ્રી સત્ય સાઈ સેવા સંગઠન દ્વારા ખેંચાયા છે. "પ્રેમ આનંદ આપે છે અને સેવા અહંકારને ઘટાડે છે." ભેગા મળીને તેઓ એક માણસને ઉચ્ચ સ્થિતિએ લઈ જાય છે. અસીમ પ્રેમ અને નિઃસ્વાર્થ સેવા તેમને ચોક્કસપણે દૈવી બનાવશે. સાઈ એ આ જન્મ ધારણ કર્યો છે તે આપણને પવિત્ર રસ્તો બતાવવા માટે છે, આપણને જરૂરી તાલીમ આપવા માટે છે અને આપણને પ્રથમ હરોળમાં દોરી જવા માટે છે.

શ્રી સત્ય સાઈ સેવા સંગઠન, એ એક વિશાળ વટવૃક્ષ જેવું છે, જે તેની શાખાઓને સમગ્ર વિશ્વમાં ફેલાવી રહી છે. એનું મૂળ પ્રશાંતિ નિલયમમાં છે. આ પવિત્ર ભૂમિમાં ઊંડે સુધી એના મૂળ ફેલાયેલાં છે. જ્યાં ભગવાન શ્રી સત્ય સાઈ, માનવ સ્વરૂપે ચાલ્યા છે. પ્રશાંતિ નિલયમ એ તપોભૂમિ છે. જ્યાં ભગવાન રહ્યા છે. જ્યાં એમણે એમનો અનંત પ્રેમ વરસાવ્યો છે. જ્યાં બધાના ઉપર એમણે કૃપા વરસાવી છે. એ ખરેખર એક ગંગોત્રી છે કે જ્યાંથી સત્ય સાઈ સંગઠનની ઉત્પત્તિ થઈ અને સમગ્ર વિશ્વમાં પ્રસરી. જેવી રીતે આકાશી નદી ગંગા સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગઈ.

એ આપણાં માટે સ્વાભાવિક છે કે જ્યારે ભક્તો જીવનમાં મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હોય છે ત્યારે ભગવાનના ચરણકમળમાં આશરો શોધે છે. આપણે પ્રશાંતિ નિલયમમાં આવીને એમની છત્રછાયામાં સુરક્ષિતતા શોધીએ છીએ અને એમને પ્રાર્થના કરીએ છીએ. અનુભવ અજોડ છે અને અત્યંત કાયાકલ્પ કરનારો છે. આપણે ઉત્સાહિત થઈએ છીએ અને હજારો હાથી જેવી શક્તિ મેળવીએ છીએ. પ્રશાંતિ નિલયમની માટી સંપન્ન છે. એ એવી દૈવી શક્તિથી સંપન્ન છે કે આ પવિત્ર ભૂમિનો દરેક અણું એમના દૈવી પગલાંથી પવિત્ર થયેલ છે. આ મારી દૃઢ માન્યતા છે કે અહીંના અણુમાં જે દૈવી આશીર્વાદ અનુભવાય છે, તે અન્યત્ર ક્યાંય અનુભવાતો નથી. જો કે મહામારીના કારણે અહીં મુસાફરી કરવા માટે અમુક મર્યાદાઓ છે ત્યારે ભક્તો પાણીની બહાર તરફડતી

માછલી જેવો અનુભવ કરે છે કારણ કે તેઓ પ્રશાંતિ નિલયમની મુલાકાત નથી લઈ શકતા. ભક્તોને સાઈ કુલવંત હોલમાં ભેગા થવું છે, ત્યાં ભગવાનના દર્શન અને આશીર્વાદ લેવા છે, ભજન અને એમની ભવ્યતાનો અનુભવ કરવો છે, પણ અફસોસ ! આખી દુનિયામાંથી ઘણા ભક્તો પત્રો લખી રહ્યા છે અને તેમની વ્યથા વ્યક્ત કરી રહ્યા છે કે તેઓ પ્રશાંતિ નિલયમમાં આવી શકતા નથી. પરંતુ ભગવાન ભારપૂર્વક જણાવે છે કે તેમનો તેમના ભક્તો સાથેનો સંબંધ "હૃદયથી હૃદયનો" છે. આવો ઘનિષ્ઠ અને અવિભાજ્ય સંબંધ ભગવાન અને તેમના ભક્તો વચ્ચે છે. તેમની કૃપાથી, ચાલો આપણે આશા રાખીએ અને પ્રાર્થના કરીએ કે જલ્દીથી પરિસ્થિતિ આપણાં બધા માટે ફરી એકવાર યથાવત થઈ જાય અને ફરીવાર આપણે એમના ચરણકમળમાં દરરોજ ભેગા મળીએ, એમની ભવ્યતાને ગાઈએ અને એમના દૈવી આશીર્વાદનો આનંદ માણીએ.

૧૯૮૭ના વર્ષમાં, ભગવાન જ્યારે શ્રી સત્ય સાઈ સંગઠનના અસંખ્ય સભ્યોને સંબોધી રહ્યા હતા ત્યારે એમણે સૌને આહ્‌વાન કર્યું કે સમગ્ર વિશ્વના સૌ ભક્તોએ પ્રશાંતિ નિલયમ જોડે ગાઢ રીતે સંકળાયેલા રહેવું. તેમણે કહ્યું કે વિશ્વના તમામ શ્રી સત્ય સાઈ સંગઠનો માટે મુખ્ય મથક "પ્રશાંતિ નિલયમ" જ છે. એમણે કહ્યું, જ્યારે પણ ભારત કે વિદેશના કોઈપણ સંગઠન દ્વારા કોઈ પ્રવૃત્તિ કરવામાં આવે, તો તેની જાણ પ્રશાંતિ નિલયમને કરવી. એમણે એ પણ આગ્રહ કર્યો કે કોઈપણ સંગઠનમાં હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવે તો તે સેન્ટ્રલ ટ્રસ્ટ દ્વારા જ કરવી. પ્રશાંતિ નિલયમ ખરેખર દરેક સત્ય સાઈ ભક્તો નું ઘર છે. એ આપણી દૈવી માતાના શાંતિનું નિવાસ સ્થાન છે કે જે આપણને આપણાં પોતાના માતા-પિતા કરતાં પણ વધુ ચાહે છે. જ્યારે દૈવી નામ "શ્રી સત્ય સાઈ" દુનિયાના કોઈપણ ખૂણે ઉલ્લેખ કરવામાં આવે ત્યારે લોકો તરત જ એમના દૈવી નિવાસસ્થાન "પ્રશાંતિ નિલયમ" ને યાદ કરે છે. તે જ રીતે, જ્યારે લોકો "શ્રી સત્ય સાઈ સંગઠન" નું નામ સાંભળે છે ત્યારે તેઓ "ભગવાન" ને યાદ કરે જ છે અને તે પણ પ્રેમ, કૃતજ્ઞતાથી કે જેમણે આ સંસ્થાનું સર્જન અને પરવરીશ કરી છે.

"એમના ઉપદેશો એજ એકમાત્ર સંસ્થાને માર્ગદર્શનરૂપી પ્રકાર પાડનારા છે." આપણે તેમને શબ્દશઃ અને તત્વતઃ જાળવી રાખવાની જરૂરિયાત છે. એવા ઘણા છે કે જેઓ સત્ય સાઈ સંસ્થામાં હોદ્દાઓ ધરાવે છે અને જુદી જુદી પ્રવૃત્તિઓ કરે છે પરંતુ આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે કેન્દ્રમાં તો શ્રી સત્ય સાઈ સંસ્થા અને ભગવાન જ છે ! સાઈ માર્ગ એ જ આપણો એકમાત્ર આશરો છે. તેને આપણે નિષ્ઠા, અડગતા અને શ્રદ્ધાથી અનુસરવાની જરૂરિયાત છે.

વિશ્વમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લીધા પછી, શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટ એવું અનુભવી રહ્યું છે કે બધા જ શ્રી સત્ય સાઈ સેવા સંગઠનોને વિશ્વના એક છત્ર હેઠળ લાવવાની જરૂરિયાત છે. જેને પરિણામે " શ્રી સત્ય વિશ્વ કાઉન્સિલ " ની રચના કરવામાં આવી છે. આ કાઉન્સિલ નો મુખ્ય હેતુ તમામ શ્રી સત્ય સાઈ કેન્દ્રોને પ્રશાંતિ નિલયમ સાથે અધિકૃત ચેનલ મારફત જોડી દેવાં અને ખાત્રી કરાવવી કે તેઓ નવ મુદ્દાના " કોડ ઓફ કન્ડક્ટ " નું પાલન કરે છે કે કેમ ? કે જેની સુચના "ભગવાને" આપી છે. તેની પાછળનો અન્ય કોઈ ઉદ્દેશ નથી. તેનો ઈરાદો કોઈ સત્તાધારીને અનુસરવાનો નથી. પરંતુ કેટલાક લોકો, એના ઉમદા ઈરાદાને સમજ્યા વિના, તેમણે જૂઠાણું અને અર્ધસત્ય ફેલાવવાનું શરૂ કર્યું છે. દરેકે એ યાદ રાખવું જોઈએ કે જુઠાણાને ફેલાવવા માટે સતત પ્રયત્નો કરવા પડે છે, જ્યારે એવા પ્રયત્નો સત્ય માટે જરૂરી હોતા નથી. જેમ જેમ કહેવાતું જાય છે તેમ તેમ સમય સત્યને જાહેર કરશે !

દરેક સાધક પાસે ઓછામાં ઓછી બે ટેવોની અપેક્ષા રાખવામાં આવે છે : એક -શાસ્ત્રોનો

અભ્યાસ અને બીજુ, પરમાત્માનું અવિરત ચિંતન. એનો અર્થ એ થાય કે આપણે અભ્યાસ કરવો જોઈએ. પ્રિય ભગવાનના ઉપદેશોને સમજવા અને તેનું અમલીકરણ કરવું જોઈએ. તથા અન્ય ઉમદા વ્યક્તિત્વોને જાણવા અને તેનો જીવનમાં અમલ કરવો જોઈએ. આપણે આપણાં જીવનને સાધના અને નામ-સ્મરણથી ભરી દેવું જોઈએ.

ચાલો, આપણે ચિંતન કરીએ અને આપણાં જીવનને શ્રી સાઈના દૈવી નામથી પવિત્ર બનાવીએ અને એમના નીચેના ઉપદેશને આત્મસાત કરીએ:

સમસ્ત લોકા: સુખીનો ભવન્તુ !

**(શ્રી આર. જે. રત્નાકર - શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી છે)**



દરેક સંજોગોમાં સતત નામસ્મરણ કરતો ભક્ત અમર બની જશે. નામસ્મરણ જ એક એવી મિલ્કત છે જે ખૂટશે નહિ. માટે આ સાધનાને જીવનભરના કામ તરીકે સ્વીકારવી. તમારો અવાજ સારો હોય કે ન હોય. હૃદયમાં તો ઈશ્વરના ગુણ ગાયા જ કરો. એનાથી તમને એવું પુણ્ય મળશે જે તમારી આખી જિંદગી રક્ષા કરશે. તમે જો આ સાધના કર્યા કરશો, તો ઈશ્વર તમને બધાં કામમાં મદદ કરશે. શારીરિક, નૈતિક, સાંસારિક, ધાર્મિક, કે આધ્યાત્મિક. આહાર ખાતાં પહેલાં હંમેશાં ઈશ્વરની પ્રાર્થના કરો. આમ કરવાથી એ ખોરાક પવિત્ર બનશે અને એનું સત્ય તમારા શરીરમાં ભળી જશે. તમારૂં હૃદય પણ વિશુદ્ધ બનશે. માટે જ આપણા પૂર્વજો ખાતા પહેલા આ પ્રાર્થના કરતા :

''બ્રહ્માર્પણમ્ બ્રહ્મહવિર્, બ્રહ્માગ્નૌ બ્રહ્મણાહુતમ્
બ્રહ્મૈવ તેન ગન્તવ્યમ્, બ્રહ્મકર્મસમાધિના:''

(અર્પણની ક્રિયા બ્રહ્મ છે, હોમ કરવાની ચીજ પણ બ્રહ્મ છે, અગ્નિ રૂપી બ્રહ્મમાં બ્રહ્મ વડે જ તેની આહૂતિ થાય છે, બ્રહ્મ તરફ જ એણે જવાનું છે, જે બ્રહ્મકર્મમાં જ મગ્ન છે)

''અહમ્ વૈશ્વાનરો ભૂત્વા, પ્રાણીનામ્ દેહમાશ્રિત:
પ્રાણાપાન સમાયુક્ત: પચામ્યન્નમ્ ચતુર્વિધમ્:''

(પાચનના અગ્નિરૂપે હું બધા જીવોની અંદર રહેલો છું. એમના શ્વાસોચ્છવાસની સાથે જોડાઈને હું ચાર જાતનું અન્ન પચાવી આપું છું.)

નોંધ : ખાદ્ય ખાવાનું, પેય પીવાનું, ચોષ્ય ચૂસવાનું અને લેહ્ય - ચાટવાનું અને આ છે અન્નના ચાર પ્રકાર.

આ પ્રમાણે પ્રાર્થના કરવાથી ઈશ્વરનો પ્રતિસાદ તુરંત મળે છે. આને પ્રતિક્રિયા, પ્રતિબિંબ અને પ્રતિસાદ કહેવાય છે. માટે સતત પોતાની જાતને નામસ્મરણમાં વ્યસ્ત રાખો, જેનાથી તમને આનંદની પ્રાપ્તિ થાય.



ઓળખનો પડકાર

# પોતાની જાતને ઓળખવી - એક આહ્વાન

નિમિષ પંડ્યા

ભૌતિકશાસ્ત્રમાં "લંબનની ભૂલ દૂર કરવી" નામનો એક પ્રયોગ છે. આ પ્રયોગમાં એવું છે કે બહિર્મુખ લેન્સની બે વિરૂદ્ધ બાજુઓ પર મૂકેલી બે ટાંકણીઓને જ્યારે એક સામેની બાજુએથી જોવામાં આવે ત્યારે બે અલગ-અલગ ટાંકણીઓ દેખાય છે. પણ જ્યારે વાસ્તવમાં આપણે ટાંકણીઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ તેને સમાયોજન કરીએ છીએ ત્યારે બન્ને ટાંકણીઓ એક જ હોય એવું દેખાય છે.

**ખોટી ઓળખનો ભ્રમ.**

આપણી દૈનિક આધ્યાત્મિક પ્રવૃત્તિમાં આ એક પડકાર છે. ભૌતિકશાસ્ત્રના પ્રયોગની જેમ મનુષ્ય અને ભગવાન બે અલગ અલગ દેખાય છે. જીવનમાં બહિર્મુખ લેન્સ એ આપણું મન છે મનને જો આપણે નિશ્ચિતપણે ગુમાવી દઈશું તો આપણને તે બે જુદી જુદી તસવીરનો અનુભવ કરાવશે. અને 'હું' પણાની ભાવનાને તે મજબુત બનાવશે જે આપણને જીવનમાં ક્યારેય પણ બાહ્ય દૃષ્ટિને બદલે આંતરિક દૃષ્ટિ તરફ જવાની મંજૂરી આપશે નહીં. આ બે જુદી જુદી ઘટનાઓને, દેખીતી રીતે વિલીન કરવાનો સતત પ્રયત્ન છે.

ભગવાન શ્રી કૃષ્ણનો મહાન પ્રતિકાત્મક રથ તેમને સનાતન સારથિ તરીકે દર્શાવે છે. અને જે પાંચ પ્રતિકાત્મક ઘોડા છે એ આપણી પાંચ ઈન્દ્રિયોને શ્રી કૃષ્ણના નિયંત્રણમાં બતાવે છે અને પ્રતિકાત્મક અર્જુન એટલે 'હું' એ આપણાં સૌના માટે વાસ્તવિક આધ્યાત્મિક્તા દર્શાવતો એક મહાન સંદેશ છે. આ પાંચ ઈન્દ્રિયો આપણાં મનને સતત બહારના વિશ્વ તરફ ખેંચવાની જબરદસ્ત વૃત્તિ ધરાવે છે, આ પાંચ ઘોડાઓને (ઈન્દ્રિયોને) નિયંત્રણમાં રાખવા એ ખરેખર સ્વઓળખના આહવાનનો સામનો કરવા માટેનું આ પ્રથમ પગલું છે. સ્વામી હંમેશા કહેતા હતાં કે, "મનને માસ્ટર કરો અને માસ્ટર માઈન્ડ બનો."

એવું કહેવાય છે કે આત્મા અને પરમાત્માના વિલીનીકરણમાં એકમાત્ર અવરોધ વ્યક્તિગત ઓળખની આ ભાવના જ છે, જે, વ્યક્તિને કર્તાપણાની (હું જ કરૂં છું) ભાવનાથી ભ્રમિત કરે છે. ભગવાન આપણને યાદ કરાવે છે કે કર્તાપણાની ભાવના (હુંપણા) ને છોડી દો અને આપણી અંદર તેની હાજરીને ઓળખો. આ અનુભવ જ મુક્તિનો એક માત્ર માર્ગ છે. જે દિવ્યતામાં વિલીન થાય છે.

**ભગવાન સાથે જોડાવાનો માર્ગ.**

સારાંશ એ જ કે અંદરની દિવ્યતા સાથેના એકીકરણની સતત ભાવના સાથેનું જીવન જીવવું અને જીવનની દરેક ક્ષણને આ દિવ્ય શક્તિ સાથે મનનાં લેન્સ દ્વારા સમજવું એ ખરેખર આધ્યાત્મિક જીવનની ચાવી છે. આવું કહ્યા પછી ચાવીરૂપ મુખ્ય મુખ્ય ક્ષેત્રો (કે જેમાં આધ્યાત્મિક્તાને વણી શકાય) ની યાદીનું વર્ણન સ્વામીએ કરેલ છે.

મનને દિવ્ય વિચારોમાં ડુબાડો, સારા સાહિત્યનું વાંચન કરો, સાચી સંગત રાખો અને સત્સંગને આદત બનાવો. બહારની બકબક/વાતોને બંધ કરવા માટે સતત મનન કરો, અંદરના અંતરાત્માના અવાજ સાથે ટ્યુન કરો અને આ અંતઃકરણના આ અવાજના સંકેતોને દરેક સંજોગોમાં અમલમાં મૂકો આ બાબત જ્યોતિર્ધ્યાન અને સમૂહ ભજન દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. નામ જાપ લખવા અથવા મંત્ર જાપના ઉચ્ચારણ કરવા એ પણ પ્રચલિત પદ્ધત્તિઓ છે.

દરેક કાર્યને સ્વામીને સમર્પિત કરવાની ક્રિયા તરીકે કરો, તે સોહમ તરીકેનો શ્વાસ હોય, કે પછી દરરોજની ખાવા-પીવાની બાબત હોય, અથવા સેવાની ક્રિયા હોય. આ બધું જ સ્વામીને કર્મની (હું

પણાની) ભાવના વિના સમર્પિત કરવું જોઈએ. આ સંદર્ભમાં સ્વામીએ કહેલું કથન, "બીજાઓએ તમને જે નુકશાન પહોંચાડ્યું છે તે બધું ભૂલી જાઓ" અને "તમારા દ્વારા કરવામાં આવેલ તમામ સારાને ભૂલી જાઓ", એ સૌથી વધુ ફાયદાકારક રહેશે. આ, ખાસ કરીને કર્તાપણા (અહંકાર) ની ભાવના વિના મૌન સમર્પણ સાથે સેવામાં ડૂબકી મારવાથી જ પ્રાપ્ત કરી શકાય છે.

આપણે એકલા રહી શકતા નથી એથી આપણે એ જાણવું જોઈએ કે સમાજમાં સકારાત્મક અને આધ્યાત્મિક સ્પંદનોને પ્રોત્સાહન આપવું એ આપણા દરેકની ભૂમિકા છે. આ કોઈ વ્યાખ્યાન દ્વારા નહિ પણ વ્યક્તિગત ઉદાહરણ દ્વારા કરવામાં આવે છે. સ્વામી હંમેશા ઈચ્છતા કે આપણે આધ્યાત્મિક અનુભવોના ઉજ્જવળ ઉદાહરણ બનીએ અને મહાન સંદેશ "બનો, કરો અને કહો" ના ઉદાહરણ બનીએ. સમાજને આજે એવા લોકોની પ્રેરણાની જરૂર છે જેમના વિચાર, વાણી અને વર્તન એક સરખા હોય.

આપણા સૌની એ ફરજ છે કે આપણે આપણાં બાળકોમાં માનવીય મૂલ્યોનો સંચાર શક્ય એટલો વહેલા (નાની ઉંમરથી) કરીએ. ખાસ કરીને, વર્તમાન સંદર્ભમાં, તમામ માતા-પિતા અને શિક્ષકોની આ બાબતે ખૂબ મોટી જવાબદારી છે. દરેક બાળકને એવા વાસ્તવિક શિક્ષણની જરૂર છે કે જે મન અને ઈન્દ્રિયોના આવેગની સામે પોતાનાં અંતરાત્માનો સંકેત સમજે. જો આ કૌશલ્ય શીખવવામાં આવે તો તમામ બાળકો ચારિત્ર્યવાન બનશે. પરંતુ આ કૌશલ્ય બાળકના જીવનના પ્રારંભિક તબક્કે જ વિકસાવવું જોઈએ.

અંતે તો સંપૂર્ણ સમર્પણ સાથે મહત્તમ અભ્યાસ કરવો એ સાચી સાધના છે અથવા આધ્યાત્મિક અભ્યાસનો સાર છે. "બધાને પ્રેમ કરો, બધાની સેવા કરો" "હંમેશા મદદરૂપ બનો, કોઈને દુઃખ ના પહોંચાડો" આનો અભ્યાસ સ્વ-ઓળખના પડકારને ખૂબ જ સરળ બનાવશે અને આનંદ આપશે.

આ માર્ગમાં ભગવાનશ્રી સત્ય સાઈબાબા દ્વારા સ્થાપિત શ્રી સત્ય સાઈ સેવા સંગઠન, એ જાતિ, રંગ, ભેદ, સંપ્રદાય, ધર્મ અથવા ભાષાને ધ્યાનમાં લીધા સિવાય તમામ માનવજાત માટેનો એક શ્રેષ્ઠ મંચ છે. શ્રી સત્ય સાઈ સેવા સંગઠનની ત્રણેય પાંખો જેવી કે આધ્યાત્મિક પાંખ, શૈક્ષણિક પાંખ અને સેવાની પાંખ એ સ્વ-ઓળખના પડકારનો સામનો કરવા દરેક માટે એક સંપૂર્ણ પેકેજ છે. તે દરેક માનવીના સ્વપરિવર્તનને પ્રોત્સાહિત કરે છે અને સામુહિક રીતે સમગ્ર સમાજને સકારાત્મક પરિવર્તનના માર્ગને પ્રેરિત કરે છે.

આવો, આપણે સૌ સામૂહિક રીતે ભગવાનના આશીર્વાદ મેળવીએ અને આ સિદ્ધાંતોનો અભ્યાસ કરીએ જેથી આપણે આપણાં મનના લેન્સ દ્વારા એકતાને જોઈ શકીએ. અલગ ઓળખને નાબૂદ કરીએ અને દિવ્યતાની આંખો દ્વારા જીવનનો આનંદ માણીએ.

**લેખક – શ્રી નિમિષ પંડ્યા, શ્રી સત્ય સાઈ સેવા સંગઠનના ઓલ ઈન્ડિયા પ્રેસીડેન્ટ છે.**

# વેદો રામાયણના અવતાર રૂપે

**પ્રકૃતિની સર્વ મધુર ચીજો કરતાં રામનું નામ વધારે મધુર છે. તે જીભ કે મનને કયારેય કંટાળો આપતું નથી. તે નામમાં માનવીની ઉર્ધ્વગતિ કરવા માટે રહસ્યમય અદ્‌ભુત શક્તિ છે. તેથી દરેક વ્યક્તિએ તેના મનમાં રામનામ અસ્ખલિત રહે તે માટે પ્રયત્ન કરતા રહેવું જોઇએ. રામાયણ એટલે કે રામની કથા એ વેદોનું બીજું રૂપ છે. હકીકતમાં એમ કહેવાય છે કે અનિષ્ટના નાશ માટે અને ધાર્મિક જીવનના પુનરુત્થાન માટે વેદોએ રામાયણ તરીકે અવતાર ધારણ કર્યો. જે કાર્ય ભગવાને રામ તરીકે પૃથ્વી પર હતા ત્યારે પૂર્ણ કર્યું.**

**- બાબા**

(સનાતન સારથિ ગુજરાતી - એપ્રિલ ૨૦૦૨)

## ભગવાનનો જન્મદિન સંદેશ

# મને ગમતી ભેટ / બક્ષીસ

"મારામાં સહજ માત્ર પણ સ્વાર્થભાવ નથી. હું જે કાંઈ કરું છું, જે કોઈ માર્ગ હું અનુસરું છું તેની પાછળ એક જ દ્રષ્ટિ રહેલી છે; સૌનું સુખ, સૌની ભલાઈ અને સર્વનું હિત (સર્વનું કલ્યાણ) મારી અંગત ઇચ્છાની પૂર્તિ માટે મારી કોઈ પણ પ્રવૃત્તિ નથી. મારી અંગત ઈચ્છા, વાંછના કે કામનાથી હું વિમુક્ત છું. મારી તો એક જ ઈચ્છા- એક જ સંકલ્પ: "વિશ્વ કલ્યાણ", "સમસ્ત લોકા સુખીનો ભવન્તુ" એ એકમાત્ર સાઈનું જીવનસૂત્ર છે- મારું જીવન ધ્યેય- મારું અવતાર લક્ષ્ય એક માત્ર સમસ્ત વિશ્વનું કલ્યાણ". ૨૩ નવેમ્બર ૧૯૮૦ ના પ્રવચનમાં ભગવાને આમ કહ્યું હતું.

**<u>તમારી સ્વાર્થવૃત્તિ નિર્મૂળ કરો</u>**

વ્હાલા પ્રેમસ્વરૂપો,

લંકા છોડી ત્રેતાયુગમાં રાવણના પતન પછી રામ, લક્ષ્મણ અને સીતા, લંકાથી નીકળી અયોધ્યા જવા તૈયાર થયા. ત્યારે લક્ષ્મણે રામને ઉદ્દેશીને વિચાર વ્યક્ત કર્યો, "મને શંકા છે કે આપણે અયોધ્યા જઈશુ તો આપણને આપણું રાજ્ય પાછુ મળશે કે કેમ. કૈકેયીએ ભરતને રાજગાદી પર સ્થાપિત કર્યા હશે. આપણે તો આપણા પિતાશ્રીના વચનના પાલન અર્થે જ અયોધ્યા છોડી વનવાસ સ્વીકાર્યો હતો. હવે કદાચ અયોધ્યા એટલું સમૃદ્ધ રહ્યું નહીં હોય. તમે તો જાણો જ છો કે લંકા વધારે સમૃદ્ધ છે. તો પછી અયોધ્યા જવા કરતાં લંકાનું રાજ્ય મેળવી, રાજગાદી શોભાવવી એવું તમને યોગ્ય નથી લાગતું ?"

રામે જવાબ આપ્યો, "પોતાની મા ગમે તેવી કુરૂપ હોય તો પણ અન્ય વધુ સ્વરૂપવાન સ્ત્રી પ્રત્યે આકર્ષાઈ તેણીને પોતાની માતા માનવી જોઈએ નહીં. મારી માતૃભૂમિ એ મારી જન્મભૂમિ છે. લંકા ગમે તેટલી સમૃદ્ધ કેમ ન હોય, સમગ્ર વિશ્વનો ખજાનો ત્યાં કેમ ન હોય, મને એ સંપત્તિ કે સમૃદ્ધિ માટે સહજ પણ આકર્ષણ નથી." જ્યારે આપણે સૌ પવિત્ર ભારતભૂમિમાં જનમ્યા છીએ ત્યારે, આપણા દેશમાં જે પણ કોઈ મુશ્કેલીઓ અને કઠિનાઈઓ હોય તેનો સામનો કરવા આપણે તૈયાર હોવું જોઈએ અને આપણી બધી કુશળતાઓ, જ્ઞાન અને ક્ષમતાઓથી આપણે આપણા દેશની સેવા કરવી જોઈએ અને દેશની સારી નામના જાળવી રાખવી જોઈએ.



**<u>બધાનો જ આનંદ એ મારું જીવનધ્યેય છે.</u>**

આજના બાળકો/યુવાનો ભવિષ્યના ભારતના નાગરિકો છે અને તેથી યુવાનોએ દેશનું કલ્યાણ સાધવું જોઈએ. સાઈનું એક માત્ર જીવનલક્ષ-એ યુવાનોના માનસિક વલણમાં, યુવાનોની વિચારધારામાં યોગ્ય નવઘડતર થાય એ જ છે કે જેથી ભારતવર્ષના વિકાસ અને કલ્યાણ માટે તેઓ કાર્ય કરી શકે. આજની વિદ્યાર્થીસૃષ્ટિ એ જ મારી સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે. અને મારા જીવનની સઘળી આશાનો કેન્દ્રબિંદુ પણ આજનો વિદ્યાર્થી છે. તેઓ ધર્મ (સદાચરણ)ના ઉત્તમ આદર્શ બની રહે તે માટે તેમને ટ્રેઈન કરી, તેમનામાં યોગ્ય પરિવર્તન લાવવું એ જ 'સાઈ' નો નિર્ધાર છે.

તમે માનો કે ન માનો પરંતુ એક વસ્તુનો હું ભારપૂર્વક નિર્દેશ કરીશ. મારામાં એક રજમાત્ર પણ

સ્વાર્થવૃત્તિ નથી. મારું પ્રત્યેક કાર્ય, મારી એકેએક વિચારપ્રણાલી કે કાર્યસૂચિની પાછળ, સૌનો આનંદ, સૌનું કલ્યાણ, સૌનો વિકાસ નો જ હેતુ રહેલો છે. મારા જીવનનું એક પણ કૃત્ય મારી અંગત ઇચ્છાને સંતોષવાના હેતુસર નથી. ઇચ્છા મારા જીવન સાથે સહજ પણ સુસંગત નથી-તે મારાથી તદ્દન જ વિમુક્ત છે. મારી પ્રત્યેક ઈચ્છા સમસ્ત વિશ્વના કલ્યાણ માટેની જ છે. મારા જીવનનો એકમાત્ર હેતુ આ છે: "સમસ્ત લોકા સુખીનો ભવન્તુ."

**<u>સાઈના પાવન પ્રેમ પ્રવાહને સમજો.</u>**

સાઈના વૈશ્વિક પ્રેમ તત્વને સમજવાનું લોકો માટે જરીકે સરળ નથી. તેના માટે એક નાનકડું દ્રષ્ટાંત હું આપીશ. વિદ્યાર્થીઓને અમે, જમ્મુ, કાશ્મીર, દિલ્હી અને પ્રયાગ લઈ ગયા હતા. અમે જ્યાં પણ ગયા, ત્યાં અમોએ વિદ્યાર્થીઓની જરૂરિયાતોનું ધ્યાન રાખ્યું અને તેમની ઈચ્છાઓને અનુરૂપ થયા. તમને આ જણાવવા પાછળનો મારો આશય, તમને સાઈપ્રેમનું સાચું દર્શન થાય, એ છે. તમો જોઈ શકો કે આપોઆપ જ મારા પ્રેમનો પ્રવાહ કેવો વહે છે, વૈશ્વિક સંમેલન( world conference ) ના આયોજન વખતે પણ અન્ય પ્રવૃત્તિઓ કરતા પણ પુટ્ટપર્થી, અનંતપુર, બેંગ્લોર, જયપુર અને ભોપાલ જેવા દૂર દૂરના પ્રદેશોમાંથી આવેલ સાઈ સંસ્થાના વિદ્યાર્થીઓના ક્ષેમકુશળ માટેનો વિચાર જ મને હંમેશા રહેતો.

મારા સર્વ વિચારોનું એકમાત્ર કેન્દ્ર તેમના સુખ-સગવડ, સુવિધા અને તેમનામાં શિસ્ત અને ચરિત્રનું આરોપણ શી રીતે થાય એજ હતું. મારું ધ્યેય તો તેમનામાં સ્વયંભૂ શિસ્ત અને આદર્શ ચારિત્ર્યનું આરોપણ શી રીતે થાય અને સાથે જ તેઓ આનંદિત રહે એ હતું. આ હેતુથી જ, લગભગ ૫૦ દરજી ભાઈઓને, બે માસ સુધી દિવસ રાત મેં કામે લગાડયા હતા અને વિદ્યાર્થીઓના ગણવેશ તૈયાર કરાવ્યા હતા.

મારા માટે કોઈ નવું વસ્ત્ર મેં સિવડાવ્યું ન હતું. નવા પ્રસંગ કે નવા અવસર માટે નવા વસ્ત્રની મારે જરૂર નથી. અને અત્યારે પણ જે ઝભ્ભો મેં ધારણ કર્યો છે તે પણ મારા કીંગ્ડમ્ ઓફ સત્ય સાઈના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પ્રેમપૂર્વક આપેલ ભેટ છે અને તે ધારણ કરવો એવો તેમનો પ્રેમાગ્રહ હતો એટલે જ મેં પહેર્યો છે. મારા ભોજન કે આહાર માટે પણ મારો કોઈ વિશેષ આગ્રહ નથી. પરમાનંદ એ જ મારો આહાર છે; જે આનંદની પ્રાપ્તિ માટે હું, બીજાઓને આનંદિત રાખું છું અને એમના આનંદમાંથી હું મારો આનંદ મેળવું છું. મને બીજાઓ થકી 'My Life is my message 'આ વિધાનનું સાચુ હાર્દ પણ આ જ છે. બીજાઓ, જે આનંદ અનુભવે છે તેમાં જ આનંદી બની રહેવું, એ દિવ્યત્વનો ગુણ છે.

પ્રશંસા કે નિંદાની સાઈ પર કોઈ અસર થતી નથી. ગમે તે રીતે, ગમે તે ભાવથી સાઈનું સ્મરણ થાય, સાઈને તો આનંદ જ આનંદ થાય છે. મારો કોઈ પણ અનુયાયી મારી થતી પ્રશંસા કે નિંદાને, કોઈ મહત્વ ન આપે. તે દિવસે શું બન્યું હતું એ આના જ દાખલારૂપે છે. એક મોટુ ગૃપ મને મળવા આવ્યું. સમાચારપત્રોમાં પ્રકાશિત થયેલ કેટલીક માહિતીના આધારે જિજ્ઞાસુ બનીને તેઓ પ્રશાંતિનિલયમ આવ્યા હતા. "જો તમે સમાચારપત્રોમાં પ્રકાશિત સમાચારોના કારણે જ મને મળવા આવ્યા હો તો તમે પોતે જ સમાચાર સ્વરૂપો છો. કોઈ પુસ્તકની વિગત, કે કોઈ સમાચારપત્રની વિગત કે કોઈ સાંભળેલી કે વાંચેલી માહિતીના આધારે તમે આવતા હો, તો તમારો ભક્તિભાવ પ્રભુ પ્રત્યે નથી પરંતુ એ પુસ્તક કે, સમાચારપત્ર પ્રેરિત છે. જો તમારે સાચા અનુયાયી બનવું હોય તો તમે પોતે જ આંતરખોજ કરો, સ્વાનુભવ કરો અને તેના આધારે જ ગુરુભાવ, સંતભાવ કેળવો, બાહ્ય વાંચન કે બાહ્યદર્શી માહિતીના આધારે આવો પ્રામાણિક આદરભાવ ન કેળવાય."

**જન્મ અને મૃત્યુ તો જીવનમાં આઘાત અને પ્રત્યાઘાત છે.**

દિવ્યાત્મ સ્વરૂપો,

આજે તમે મારો જન્મદિન ઉજવીને ખૂબ આનંદની અનુભૂતિ કરો છો. મારા માટે જન્મદિન ઉજવણી જેવું કાંઈ છે જ નહીં. આતો તમારી ખુશી માટે, તમારી ખાતર જ અને તમારી મનોકામનાઓની પૂર્તિ કરવા માટે જ, આજે જે કોઈ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે, તેમાં ભાગ લેવા હું સહમત થયો છું. જો કોઈને જન્મ જ ન હોય-તો તેને મૃત્યુ પણ ન હોય. જો મરણ છે તો ચોક્કસપણે તેનો જન્મ થયો હોવો જોઈએ. જન્મ અને મરણ એ તો ક્રિયા અને પ્રતિક્રિયા સ્વરૂપે છે. હું તો એની પર છું.

મારા જન્મદિન નિમિત્તે હું તમારી પાસે માત્ર એક જ વસ્તુની ભેટ વાંછું છું-માત્ર એક કે તમારી સ્વાર્થવૃત્તિ ઘટાડો. ખોટી/ખરાબ ઈચ્છાઓનો ત્યાગ કરો. ત્યાગ ભાવના કેળવો, તેનું જતન કરો અને એક ઉમદા માનવી બનો. જો તમે ઉચ્ચ આદર્શોને અનુસરશો તો આ મહાન વિશ્વ સંમેલનમાં હાજર રહેવાનું સાર્થક થશે. જન્મદિવસની ઉજવણી સુફળદાયી નીવડશે અને જીવનમાં પરમ આનંદ, પરમ સુખની પ્રાપ્તિ તમને થશે.

**(૨૩નવેમ્બર ૧૯૮૦ના જન્મદિન પ્રવચનનો અંશ)**

# જોડી આદિપલ્લી સોમપ્પા

**૨૫મી નવેમ્બર ૧૯૫૮નો એ દિવસ હતો. ૨૩મી તારીખે પ્રશાંતિ નિલયમ્‌માં બાબાની વર્ષગાંઠ ઉજવીને વેંકટરામન અને એમનું કુટુંબ બેંગલોર જવા નીકળ્યું. રસ્તામાં તેઓ બાગેપલ્લી ગામ પહોંચ્યાં ત્યાં એમની નાની પુત્રી ગીતા સુધા શ્વાસ લેતાં અટકી ગઇ. બધાંને થયું કે એ હવે મૃત્યુ પામશે, જો કે હજી એ મરી નહોતી ગઇ. આ દુઃખમાં કુટુંબના સભ્યો મદદ માટે આજુબાજુ જોતાં હતાં. ત્યાં ક્યાંકથી એક ખેડૂત જેવો વૃદ્ધ માણસ અચાનક દેખાયો. એણે પાસે જઇ બેબીને હાથમાં લીધી. એનાં સ્પર્શ માત્રથી, ચમત્કારિક રીતે એ છોકરી જીવતી હોય એમ લાગ્યું અને રડવા માંડી. જે છોકરીને તેઓ મૃત્યુ પામેલી માનતાં હતાં એનામાં એકદમ જીવ આવી ગયો. એથી એ લોકોને ઘણી નવાઇ લાગી. છોકરીના પિતા વેંકટરામન ખૂબ ખુશ થયા અને આભારવશ થઇ એમણે પેલા અજાણ્યા માણસને જેણે પુત્રીને બચાવી હતી એક રૂપિયો આપવા માંડ્યો. વૃદ્ધ માણસે વિનયથી લેવાની ના પાડી. જ્યારે વેંકટરામને એનું નામ પૂછ્યું ત્યારે એણે કહ્યું : કે મને લોકો જોડી આદિપલ્લી સોમપ્પા તરીકે ઓળખે છે.**

**પાછળથી આ પ્રસંગ સ્વામીએ કસ્તુરીને કહ્યો ; ''એક વૃદ્ધ ગામડિયાના સ્વરૂપમાં હું ત્યાં ગયો, અને મૃત્યુ પામેલી બાળકીને મેં જીવન બક્ષ્યું.'' કસ્તુરીને સ્વામીએ પોતાનું આ જ નામ ખાસ કેમ કહ્યું એ જાણવું હતું. એનો કાંઇ અર્થ હશે કે ? સ્વામીએ સમજાવ્યું : આદિપલ્લીનો અર્થ થાય છે પ્રાચીન ગામડું. ફેરફાર થયા વગરનું, મૂળ ગામ. એ શિવના નિવાસ સ્થાન, કૈલાસ સિવાય બીજું કાંઇ હોઇ શકે નહિ. જોડીનો અર્થ દંપતી થાય છે. સોમપ્પા (સ+ઉમા) એટલે ઉમા સાથે ભગવાન શિવ. શ્રી સત્ય સાઇ બાબાએ આમ પોતાની ઓળખ આપી. તેઓ જ શિવ મનુષ્યદેહે છે અને શક્તિ પણ પોતેજ છે : શિવ શક્તિ.**

**બીજા એક પ્રસંગે, કૈલાસ નામના માણસને સ્વામીએ બોલાવ્યો અને એના નામનો અર્થ પૂછ્યો. એ જરા શરમાયો કારણ કે એને એનો અર્થ નહોતો આવડતો. પૂરા એક અઠવાડિયા સુધી એણે સ્વામીના પ્રશ્નનો અર્થ શોધવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો. પછી સ્વામીએ પોતે જ એને સમજાવ્યો. કૈલાસનો અર્થ થાય છે સ્ફટિક જેવું નિર્મળ. પવિત્ર અને શુદ્ધ હૃદયની એક નિશાની છે. ભગવાન શિવે કૈલાસને પોતાના દિવ્ય નિવાસ સ્થાન તરીકે પસંદ કર્યું હતું. અને એ પોતે પણ શુદ્ધ હૃદયમાં વાસ કરે છે.**

(તપોવનમ પૃષ્ટ - ૬૦)

# સ્વામીનો પ્રેમ નિઃસીમ છે

ડૉ. વી. મોહન

**"ભગવાન, તેમની અનંત કૃપાને લઈને, ભક્તો જે સ્વરૂપ ઝંખતા હોય તે સ્વરૂપ ધારણ કરે છે."**

**-ભગવાન શ્રી સત્ય સાઈ બાબા.**

સત્ય સાઈ સ્પીક્સ-વોલ્યુમ-૯

આપણા ભારત દેશમાં અવતારની વાત કોઈ નવી નથી. અવતાર એટલે પરમાત્માનું માનવ સ્વરૂપમાં પૃથ્વી પર થતુ પ્રાગટ્ય, માનવસ્વરૂપમાં - દિવ્ય ગુરુનું અવતરવું. ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ તદ્દન સ્પષ્ટ રીતે નિર્દેશ કરે છે કે જ્યારે જ્યારે પાશવી તત્વો પૃથ્વી પર વધી જાય છે ત્યારે પ્રભુ (ભગવાન કૃષ્ણ) અવતાર ધારણ કરશે. ભગવાનનું અભય વચન છે "જ્યારે જ્યારે પૃથ્વી પર ધર્મનો લોપ થશે અને અધર્મ વ્યાપશે ત્યારે ત્યારે (યુગેયુગે) ધર્મના સંસ્થાપન અર્થે અને અધર્મના સંહાર અર્થે હું માનવ સ્વરૂપ ધારણ કરીશ."

સંસારમાં, સ્વયં ભગવાન પૃથ્વી પર માનવ દેહમાં વિચરે, ત્યારે તેના સમકાલીન હોવું, તે માનવીનું પરમ સદ્દભાગ્ય ગણાય. આપણે તો કલ્પના જ કરવી રહી, કે શ્રીરામ અને શ્રીકૃષ્ણના જીવનકાળ દરમ્યાન જીવીત રહેનાર વ્યક્તિઓ કેટલી નસીબદાર હશે ? લગભગ આવા જ યુગને સમાંતર દિવસોમાં ડોકિયું કરવા માટે સો વરસ પાછળની કલ્પના કરવી રહી. જ્યારે શિરડીમાં સાઈબાબાના દિવ્ય દર્શન-તેમના કાર્યોના સાક્ષી બનવાની અથવા તો તેમનું સામિપ્ય માણવાની દુર્લભ તક જેઓને પ્રાપ્ત થઈ હશે તેઓ કેટલા સદ્દભાગી હશે ? શિરડી બાબાના સાપેક્ષ દર્શનની અમૂલ્ય તક એ તેમના જીવનનો લ્હાવો હશે.

**<u>ઈશ્વરીય અવતારોના સમકાલીન હોવાનું સદ્દભાગ્ય.</u>**

આપણામાંથી કોઈપણ આજના સમયનાં શિરડીબાબાને સદેહે જોવા, માણવા, કે સાંભળવા સદ્દભાગી બન્યા નથી. પરંતુ, આપણામાંના મોટા ભાગના લોકો, વર્તમાન યુગમાં શિરડી બાબાના પુનર્વતાર એવા પૂર્ણ અવતારી ભગવાન શ્રી સત્ય સાઈ બાબાને આપણા સૌની વચ્ચે વિહરતા, વાતો કરતા જોવા માટે પરમ સદ્દભાગી બની શક્યા છે. વ્હાલા વાચકો, આટલું તો વિચારો, કે આપણને ભગવાનના કેવા આશીર્વાદ હતા કે આપણને એમના દર્શન, સ્પર્શન અને સંભાષણનો લાભ મળી શક્યો. અને આપણામાંથી કેટલાકને તો એમના દિવ્ય અવતારીકાર્યનો હિસ્સો બનાવવા, 'તેમણે' પસંદ કર્યા.

આપણા પ્રિય ભગવાન બાબા, સાચે સાચ જ ઈશ્વરતત્વનું સાપેક્ષ સ્વરૂપ છે! પૂર્ણ અવતારના બધા જ ગુણો સ્વામીમાં છે. સ્વામી, આપણા પ્રત્યેકના ભૂત, ભવિષ્ય અને વર્તમાનના દ્રષ્ટા છે. તે ઉપરાંત તેઓ સર્વવ્યાપક, સર્વશક્તિમાન, સર્વજ્ઞ છે. માનવજીવનમાં પ્રતિભાવરૂપે અસંખ્યવાર-અગણિત આશીર્વાદો, તેમણે તેમના ભક્તો પર વરસાવ્યા છે-જે તેમના, માનવજાતિ પ્રત્યેના નિઃસીમ (અમર્યાદ) પ્રેમના દ્યોતક છે.

એવો એક પણ ભક્ત હશે કે જેને પોતાના જીવન દરમ્યાન, ભગવાનના દિવ્ય ચમત્કાર (આશીર્વાદરૂપે) નો અનુભવ ન થયો હોય? વરસો પહેલાં, ભગવાને એમના ફોલ્ડમાં લેવાની અસીમ કૃપા મારા પર કરેલ એવો હું, એક ભક્ત તરીકે એકવાર સાઈ કુલવંત હોલમાં બેઠો હતો. મારી હરોળમાં-નજીકમાં બેઠેલા કોઈપણ ભક્ત સાથે વાત કરવાનું મને ગમતું. અને જ્યારે હું એવા ભક્તના અનુભવો સાંભળતો- કે કેવી રીતે તે પ્રશાંતિ નિલયમ્ આવવા સદ્દભાગી બન્યા. સ્વામી જે રીતે ભક્તોના જીવનમાં રસ લે છે તે જાણીને હું ખરેખર આશ્ચર્યચકિત થતો. જો કે પોતાના ચમત્કારોની લીલા વિશે ખુલ્લા મનથી જ કહેતાં કે ભક્તોનાં દિલની મલિનતા સાફ કરવા માટે જ મારા

ચમત્કારો, જે મારા મુલાકાતી પત્રો છે એ હેતુલક્ષી છે.

## દિવ્ય તબીબી ચમત્કારો.

મારા તબીબી વ્યવસાય દરમ્યાન, હું એ વાતનો સાક્ષી છું કે, ઘણા બધા મારા દર્દીઓ ઉપર, તબીબી ચમત્કારોના સ્વરૂપમાં સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા છે. મારા પુસ્તક “Satya Sai Baba Lives on” માં આવી અસંખ્ય લીલાઓનો ઉલ્લેખ મેં કર્યો છે. જેમાંના એકાદ-બે અહીં રજુ કરીશ.

હું, એકવાર બહુ જ દુઃખી એવા એક દંપતિની સારવાર કરી રહ્યો હતો. તેઓ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે તેઓ તેમના પૌત્ર અને પુત્રીને મળવા ઓસ્ટ્રેલિયા જવાના હતા. તેમના કમનસીબે, તેમનો પૌત્ર જેની બોલવાની ઉંમર થઈ ગઈ હોવા છતાં તે બોલતો ન હતો. તેઓએ ઘણા બધા બાળરોગ નિષ્ણાંત તબીબોની સલાહ લીધી અને સારવાર કરાવી, પરંતુ કામયાબી ન મળી અને હવે તો તેમને સંશય થવા લાગ્યો કે તે ભવિષ્યમાં મોટો થશે ત્યારે પણ બોલી શકશે નહીં. પૌત્ર વિશેની તેમની દુ:ખદ વાતો સાંભળતા મારું હૃદય દ્રવી ગયું અને મનોમન ભગવાનને ઉત્કટ પ્રાર્થના કરી. મેં, તેમને વિભૂતિના થોડા પડીકા અને સ્વામીના ફોટા આપ્યા અને તેમને તે ઓસ્ટ્રેલિયા લઈ જવા કહ્યું અને પૌત્રને આપવા જણાવ્યું. મેં તેમને, સ્વામીમાં પૂર્ણ શ્રદ્ધા રાખવા અને અંતરના ઉંડાણથી પ્રાર્થના કરવા પણ કહ્યું.

થોડા મહિના પછી તે દંપતિ પાછા આવ્યા અને તેમના ચહેરા પર ખુશીની લહેર હતી-આંખમાં આનંદનાં અશ્રુ હતા. તેમણે જણાવ્યું કે, તેઓ થોડા દિવસો પહેલા જ મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) ગયા હતા અને પૌત્રને વિભૂતિ આપવાનું શરૂ કર્યું; પરિણામ સ્વરૂપે તે થોડું થોડું બોલવા માંડ્યો. અને પછી તો તે સડસડાટ બોલવા લાગ્યો. જો કે હજી તેમની નિરાશાનો અંત આવ્યો ન હતો. પૌત્ર બોલતો થયો પરંતુ ચાલવા યોગ્ય વયે, તે ડગ માંડી શકતો ન હતો. એટલે જ્યારે તેમની પુત્રી અને પૌત્રી ચેન્નાઈ આવવાના જ હતા તેથી તેમને થોડા વિભૂતિના પેકેટ આપ્યા. જ્યારે બીજી વાર મળવાનું થયું ત્યારે મને ખૂબ જ શુભ સમાચાર આપ્યા કે પૌત્ર માત્ર ચાલતો જ થયો છે એટલું જ નહીં પણ ઘરમાં દોડાદોડી કરે છે. પછી તો આખો પરિવાર સાઈ પરિવારમાં જોડાયો અને ભગવાન બાબાની દિવ્યતાનો આનંદ નિરંતર માણવા લાગ્યા.

આવી જ બીજી એક ઘટના, જે ખુદ મારા માતાજી અંગેની છે. તેમણે કેટલાંક વર્ષો પહેલાં થાપાની જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (Joint Replacement Surgery) કરાવી હતી. તેમને અસ્થમાનો રોગ હતો, એટલે પાછળના ભાગે કાણું પાડીને નળી દ્વારા Epidural anesthesia આપવામાં આવ્યો હતો. કમનસીબે, જે દિવસે ઓપરેશન કર્યું હતું તે રાત્રે જ નળી નીકળી ગઈ. તેમનું પાસું ફેરવીને ફરીવાર નળી નાંખી શકાય એમ પણ ન હતું. આવા કપરા સંજોગોમાં એક તબીબ તરીકે પણ હું કાંઈ કરી શકું એમ ન હતો;મેં તો ભગવાન બાબાને ઉત્કટ ભાવે પ્રાર્થના કરી અને તેણીને થોડી વિભૂતિ આપી. અને થોડીક જ મિનિટોમાં દુ:ખાવો ગાયબ થઈ ગયો અને દુ:ખાવા શામક (Painkiller) દવા લીધા વિના જ શાંતિથી નિંદ્રાધીન થયા. અને શસ્ત્રક્રિયામાંથી પણ સારી રીતે સદંતર સાજા થઈ ગયા. આવા તો સંખ્યાબંધ પ્રસંગોનું કે જેમાં ભગવાને મેડીકલ આશીર્વાદ વરસાવ્યા હોય-તેવાનું નિરૂપણ કરી શકું એમ છું. મારા દર્દીઓને ભગવાનની કૃપાનો અનુભવ થયો હોય એવા પ્રસંગો વર્ણવવા માટે જગ્યાની મર્યાદા મને વિષયને વધુ વિસ્તૃત કરવા છુટ નથી આપતી.

સામાન્ય રીતે, સમગ્ર માનવજાતિ માટે અને વિશેષમાં તો એમના ભક્તો તરફ વહેતા રહેતા, અપેક્ષારહિત દિવ્ય પ્રેમના આ તો થોડાક નમુના જ છે. તેમ છતાય, અંતરના ઉંડાણથી કરેલ પ્રાર્થનાથી "તેની" સુધી પહોંચી શકાય છે અને 'તેમના' આશીર્વાદ મેળવી શકાય છે. જ્યારે ભગવાન બાબાના પાવન ચરણકમળમાં સંપૂર્ણ સમર્પિત

થઈએ ત્યારે જ આવા દિવ્ય ચમત્કારોના અનુભવ થાય. તે પણ તેમની પોતાની ઇચ્છા હોય, તેમનો પોતાનો સંકલ્પ હોય તો જ આ શક્ય બને છે. વ્હાલા સ્વામી, તમે વરસાવેલા તમારા અખૂટ પ્રેમ-તમારી નિરાવધી કૃપા-આશિષનું ઋણ અમે શી રીતે અદા કરીશું ?

આજે આપણે કેટલી સદ્દભાગી વ્યક્તિઓ છીએ કે જે સ્વામીની પસંદગી પામી છે-કેટલાકને સ્વામીએ પોતે જ સ્વીકાર્યા છે; આ તક પ્રાપ્ત થઈ છે તો ભગવાન પ્રત્યેનું ઋણ આપણે અદા કરીએ. પણ આપણા પરના ભગવાનના અગણિત ઉપકાર નો બદલો શી રીતે આપી શકાય? તો આ છે કેટલાક એવા માર્ગો જે દ્વારા આપણે સ્વામી પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરી શકીએ.

સૌ પ્રથમ તો આપણી વ્યક્તિગત સાધના અતૂટ ચાલુ રાખીશું. કેટલીકવાર તો તદ્દન બેહૂદી, નકારાત્મક વાતો અને પ્રવૃત્તિઓમાં આપણી સાધનાના સમયને વિસરી જઈએ છીએ. તો સાધનાનું સાતત્ય કોઈપણ પ્રકારે જાળવીએ.

બીજું ભગવાનના અવતાર ધ્યેયને સિદ્ધ કરવામાં આપણે શી રીતે આપણી જાતને સહભાગી બનાવી શકીએ એ માટે વિચાર કરવો જોઈએ. માનવજાત-સમગ્ર જનસમૂહના કલ્યાણ અર્થે પ્રેમસાગરા સાઈએ ઘણી સંસ્થાઓ જેમ કે હોસ્પિટલો, યુનિવર્સિટીઓ, વૉટર પ્રોજેક્ટસ્ વિગેરેનું આયોજન કર્યું છે-તો આવી પ્રવૃત્તિમાં સહભાગી બનીએ.

ત્રીજી વાત, પ્રશાંતિ નિલયમ્ ની આપણી યાત્રા નિયમિત બની રહે-તેમાં કદી પણ તૂટ ન પડે. આપણા બધાનો અનુભવ છે કે પ્રશાંતિની પ્રત્યેક યાત્રા આપણામાં નવીન શક્તિનો સંચાર કરે છે અને જ્યારે પાછા ફરીએ છીએ ત્યારે નવપલ્લવિત થઈને નવી ઊર્જા પ્રાપ્ત કરીને સકારાત્મક સ્પંદનો પ્રાપ્ત કરીને આવ્યા હોય એવો અનુભવ થાય છે.

અને છેવટે ભગવાનને પ્રાર્થના કરીએ ,

ભગવાન બાબામાં આપણી શ્રદ્ધા નિરંતર વધતી જ રહે-આપણી ધ્યાન સાધનાના કેન્દ્રમાં સદાયે ભગવાનના દિવ્ય સ્વરૂપની ઝાંખી થતી રહે, આપણી દરેક ક્ષણ, ભગવાનના નામ રટણમાં જ વ્યતિત થાય, પ્રભુ પ્રેમની તૃષા સદાયે જ્વલંત બની રહે.........

**સ્વામી ! અમે, તમારા વ્હાલા બાળકો, તમને પ્રાર્થના કરીએ છીએ કે તમે અમને હંમેશા માર્ગદર્શન આપતા રહો અને સદા આશિર્વાદ વરસાવતા રહો.**

**-લેખક, એક ખ્યાતનામ ડાયાબેટોલોજીસ્ટ છે અને શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે.**

## દસ પ્રકારનાં પાપ

**દસ પ્રકારનાં પાપ : ત્રણ શારીરિક, ચાર શાબ્દિક અને ત્રણ માનસિક પાપથી દૂર રહો. શારીરિક પાપ : જીવનને નુકશાન, વ્યભિચારની ઇચ્છા અને ચોરી કરવી તે છે. શાબ્દિક પાપ : ખોટા ભય ઉપજાવતી વાતો, નિર્દય વાણી, ઈર્ષાળુ વાતચીત અને અસત્ય. માનસિક પાપ : લોભ, ઈર્ષા, ભગવાનનો ઈન્કાર કરવો તે છે.**

**મારો દેશ ભારત છે. ભારતનો ધર્મ એ મારો ધર્મ છે. મારા આદર્શ અને પરંપરાઓ ભારતીય છે, આવી ભાવના કેળવો. આદિ સમયથી આ દેશમાં ખીલેલ સંસ્કૃતિ માટે આસક્તિ અને આદર કેળવો. આ દેશના ભાવિ માટે તમારે તમારું જીવન સમર્પિત કરવું પડશે.**

**- બાબા**

(સનાતન સારથિ ગુજરાતી - ઓગષ્ટ ૧૯૯૪)

# પ્રશાંતિ નિલયમ્ ખાતે દશેરાની ઉજવણી

## અહેવાલ

૭મી ઓક્ટોબર ૨૦૨૧ ના રોજ, પ્રશાંતિ નિલયમ ભજન મંદિર ખાતે, સવારે કળશ સ્થાપન સાથે, પવિત્ર નવરાત્રિ ઉત્સવ અને દશેરાની ઉજવણીની શરૂઆત કરવામાં આવી, જેમાં નવ દિવસ સુધી, દેવી માતાની ઉપાસના કરવામાં આવે છે. ભજન મંદિર ખાતે ૭મી અને ૮મી ઓક્ટોબર ૨૦૨૧ના રોજ મંદિરના પુરોહિત દ્વારા પવિત્ર કળશની પૂજા કરવામાં આવી.

**વેદ પુરુષ સપ્તાહ જ્ઞાન યજ્ઞ.**

૯મી ઑક્ટોબર ૨૦૨૧ ની સવારે, સંગીતજ્ઞ અને વેદના મંત્રોચ્ચાર કરનારા ઋત્વિકો (વૈદિક પૂજારીઓ)ની આગેવાની હેઠળ એક ભવ્ય શોભાયાત્રા દ્વારા કલાશને પૂર્ણચંદ્ર હૉલમાં લઈ જવામાં આવ્યો. ત્યાર બાદ ઓડિટોરિયમના મંચ પર કળશની સ્થાપના કરવામાં આવી. અને વેદોચ્ચારના ધ્વનિ સાથે **વેદ પુરૂષ સપ્તાહ જ્ઞાન યજ્ઞ**ની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ સવારે ૯.૧૫ કલાકે એક કાષ્ટના ટુકડાને બીજા સાથે ઘસીને પરંપરાગત રીતે યજ્ઞ માટે, પવિત્ર અગ્નિ ઉત્પન્ન કરી, યજ્ઞકુંડમાં પધરાવવામાં આવ્યો. તે જ સમયે, ચાર પુરોહિતોએ કૃષ્ણ યજુર્વેદના મંત્રોચ્ચાર શરૂ કર્યા, કેટલાક વડીલોએ પવિત્ર ગ્રંથોનું પારાયણ શરૂ કર્યું. જ્યારે કળશ પૂજા, પુરોહિત અને તેમના સાથીદારો દ્વારા કરવામાં આવી. એક પુરોહિત દ્વારા સૂર્ય નમસ્કાર પ્રસ્તુત કરવામાં આવ્યા અને અન્ય પુરોહિતોએ સહસ્ત્ર લિંગાર્ચન (૧૦૦૦ લિંગોની પૂજા) શરૂ કરી. લગભગ ૧૧.૦૦ વાગ્યે, પુરોહિતો અને પ્રશાંતિ મંદિર વેદ ગ્રુપના સભ્યો દ્વારા સામુહિક વૈદિકમંત્રોચ્ચાર કરવામાં આવ્યા, ત્યારબાદ ભગવાનની આરતી ઉતારવામાં આવી. આ રીતે વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણ માટે આવનારા છ દિવસ, ૯ ઓક્ટોબર થી ૧૪ ઓક્ટોબર ૨૦૨૧ સુધી પવિત્ર યજ્ઞની શરૂ કરવામાં આવી.

૧૫મી ઑક્ટોબર ૨૦૨૧ ના રોજ વિજયા દશમીના પવિત્ર દિવસે, **વેદ પુરૂષ સપ્તાહ જ્ઞાન યજ્ઞ**ના સમાપન નિમિત્તે યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી. આ વિધિ, સવારે ૭.૦૦ થી ૯.૦૦ કલાક સુધી વૈદિક મંત્રોચ્ચાર સાથે ચાલુ રહી. ત્યારબાદ થોડા ભજનો પણ ગાવામાં આવ્યા. ઓડિટોરિયમમાં ભક્તોના વિશાળ સમૂહને ભગવાનના દિવ્ય પ્રવચન થકી આશીર્વાદ આપવામાં આવ્યા હતા, જેમાં તેમણે, માનવ જાતિની એકતા પર ભાર મૂક્યો. ભગવાને કહ્યું કે માત્ર પ્રેમ સંવર્ધન જ માણસને આ સત્યની સમજ આપી શકે છે કે એક જ જાતિ છે-માનવતાની જાતિ, એક જ ધર્મ છે-પ્રેમનો ધર્મ. સવારે ૯.૩૦ કલાકે, પવિત્ર કળશ, ધરણી (મોટી ચમચી) અને પૂર્ણાહુતિની સામગ્રી લઈને પુરોહિતોની શોભાયાત્રા પૂર્ણચંદ્ર હૉલમાં પ્રવેશી. આ દરમિયાન, પૂર્ણાહુતિની પ્રક્રિયા માટે ઓડિટોરિયમમાં તૈયારીઓ કરવામાં આવી હતી અને વેદપુરુષ ભગવાન શ્રી સત્ય સાઈ બાબા માટે પૂર્ણાહુતિની તૈયારી રૂપે યજ્ઞકુંડ પાસે ચાંદીની ખુરશી મૂકવામાં આવી હતી. ઓડીટોરીયમમાં મોટી સંખ્યામાં ભક્તોએ આ વિધિ નિહાળી, યજ્ઞકુંડમાં સવારે ૯.૫૦, કલાકે પૂર્ણાહુતિ અર્પણ કરવામાં આવી ત્યારે ઓડિટોરિયમનું વાતાવરણ સમગ્ર માનવજાતિની શાંતિ અને કલ્યાણ માટે દસે દિશાઓમાં ફેલાયેલા પવિત્ર વૈદિક મંત્રોચ્ચારથી ગૂંજી ઉઠ્યું હતું. આ પછી ભજનની શરૂઆત થતાં, પુરોહિતો અને પ્રશાંતિ મંદિર વેદ ગૃપના સભ્યોએ ઓડિટોરિયમના તમામ ભાગોમાં જઈને વિશેષ આશીર્વાદ તરીકે તમામ ભક્તો પર પવિત્ર કળશજળ છાંટ્યું. સવારે ૧૦.૪૫ કલાકે ભગવાનની આરતી દ્વારા પ્રશાંતિ નિલયમ ખાતે પવિત્ર

**વેદપુરુષ સપ્તાહ જ્ઞાન યજ્ઞ**નું આનંદમય સમાપન કરવામાં આવ્યું.

**ભગવાનના દિવ્ય પ્રવચનો.**

જ્યારે, સવારે પૂર્ણચંદ્ર હોલમાં **વેદપુરુષ સપ્તાહ જ્ઞાન યજ્ઞ** યોજાયો હતો, ત્યારે, સાંજે સાઈ કુલવંત હૉલમાં ભગવાનના દિવ્ય પ્રવચનથી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો સાર આપતાં, ભગવાને તેમના અમૃત પ્રવચનમાં આધ્યાત્મિકતાના પ્રાથમિક સિદ્ધાંતો સમજાવ્યા. કર્મના મહત્વને પુનરાવર્તિત કરતા, ભગવાને કહ્યું કે કર્મ સમગ્ર સૃષ્ટિનો આધાર છે. તેમણે કહ્યું, માનવીનો પૃથ્વી પર જન્મ લેવો એ તેના કર્મનું જ પરિણામ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે માણસે પવિત્ર ક્રિયાઓ દ્વારા ભગવાનની કૃપા પ્રાપ્ત કરવી જોઈએ અને જન્મ અને મૃત્યુના અનંત ચક્રમાંથી મુક્તિ મેળવવી જોઈએ. ભગવાને બધાને ભેદભાવ છોડી દેવા અને અન્ય સાથે દુર્વ્યવહાર અને ધિક્કારનો દુષ્ટ માર્ગ છોડી દેવાની સલાહ આપી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જો કોઈ બીજાને નફરત કરે અને પાપ કરે તો ભગવાનની પૂજા કરવાનો કોઈ અર્થ નથી. મનુષ્યના જીવનમાં શ્રદ્ધા અને ભક્તિના મૂલ્ય પર ભાર મૂકતા, ભગવાને કુચેલાનું ઉદાહરણ આપ્યું કે જેમણે તેમની અચળ ભક્તિ અને દ્રઢ શ્રદ્ધા દ્વારા શ્રી કૃષ્ણની પુષ્કળ કૃપા અને પ્રેમ પ્રાપ્ત કર્યો. ભગવાને ભક્તોને, તેમના માનવ જન્મનો ઉપયોગ ભગવાન સાથે એકતા પ્રાપ્ત કરવા માટે કરવાની સલાહ આપી, જે મનુષ્યના જીવનનું લક્ષ્ય છે. ભગવાને કહ્યું કે માત્ર ભગવાનની ઈચ્છા રાખીને, મનુષ્ય જન્મના આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવાનો માણસે દ્રઢ નિશ્ચય રાખવો જોઈએ.

**આત્માને ઝંકૃત કરી દેતો ભક્તિમય સંગીતનો કાર્યક્રમ.**

૧૫મી ઑક્ટોબર ૨૦૨૧ ની સાંજે, શ્રીમતી કાર્તિકા વૈદ્યનાથન અને તેમના ગૃપ દ્વારા આત્માને ઝંકૃત કરી દેતો ભક્તિમય સંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. ભગવાન ગણેશજીની સ્તુતિ સાથે કાર્યક્રમની શરૂઆત થઈ, "ગાઇયે ગણપતિ જગ વંદન", જાણીતા કર્ણાટક શાસ્ત્રીય અને પાર્શ્વગાયિકાએ સંખ્યાબંધ ઉન્નત ભક્તિ ગીતો ગાયા જેમાં "શ્રી જગદીશ્વરી દુર્ગામાતા" નો સમાવેશ થાય છે. "યે હો વિઠ્ઠલે ભક્તજન વત્સલે" અને તમિલ કર્ણાટિક ગીત "એન્ના તવમ સીદાનાય યશોદા". પ્રસ્તુત કરવામાં આવ્યું.

## સાઇ ભક્તો અને મુમુક્ષુઓ માટે
# આચારસંહિતા

૧. દરરોજ ધ્યાન અને જપ કરવાં.
૨. અઠવાડિયામાં એક વાર કુટુંબીજનો તથા સ્નેહીઓ સાથે ભજન કરવું.
૩. કુટુંબના બાળકોએ બાલ વિકાસ કાર્યક્રમમાં ભાગ લેવો.
૪. સમાજ તથા સંસ્થાના કાર્યક્રમોમાં ભાગ લેવો.
૫. સંસ્થા દ્વારા યોજેલ નગર સંકીર્તન અથવા ભજનમાં મહિનામાં ઓછામાં ઓછો એક વાર ભાગ લેવો.
૬. સાઈ-સાહિત્યનો નિયમિત અભ્યાસ કરવો.
૭. બધાંની સાથે વિનયપૂર્વક વર્તવું.
૮. ખાસ કરીને કોઇની ગેરહાજરીમાં તેની નિંદા કરવી નહીં.
૯. નારાયણ સેવા - દરરોજ ગરીબોનાં ભોજન માટે થોડું પણ અન્ન બચાવવું અને ભોજનનો બગાડ કરવો નહીં.


OM SRI PARTHI

Publication Date : 20/11/2021
Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

# સનાતન સારથિ

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023
RNI Regd. No. : 64353/96
P.O. Regd. No. VDR-E/359/2021-2023
Place of Posting - Vadodara (H.O.)



દરેક જણ સત્ય અને પ્રેમસભર છે. પ્રેમ વિના કોઈ (નું અસ્તિત્વ) જ નથી. પ્રેમની અભિવ્યક્તિ અલગ-અલગ રીતે થઈ શકે છે પરંતુ છેવટે તે એકજ છે. તે પ્રેમ ઈશ્વર છે. તેની વિરૂદ્ધમાં ન જશો. ઈશ્વરને જેમ અલગ-અલગ સ્વરૂપો થકી ભજી શકાય છે, પરંતુ છેવટે તો તે બધાની વચ્ચે રહેલી એકતાને ઓળખવી જરૂરી છે. પૂજાના પ્રકારો-પદ્ધતિઓ અલગ હોઈ શકે પરંતુ પૂજા (નો હેતુ કે ભાવના) તો એક જ છે. તે રીતે, દિવ્યતાના સ્વરૂપો ભલે જુદા જુદા દેખાઈ આવે, પરંતુ એક જ આત્માનું દિવ્યતત્વ તો છેવટે એક જ છે

-ભગવાન શ્રી સત્ય સાઈબાબા

પોસ્ટ
સ્ટેમ્પ

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. [illegible]
"સાઈ આશિષ" એ-૧, હોમટાઉન્ કોલોની,
સાઈ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો: ૯૮૨૭૩ ૨૯૯૫૩

**મુદ્રક : લોકાર્પણ ઓફસેટ**
શક્તિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.